

વા.લ. રૂ. ૧૦૦/-
વા. સ. રૂ. ૧૦૦/-

# સત્યાન્વેષણ

SATYASHODHAK SABHA, SURAT ૧૫ મે, ૨૦૨૩ Vol. 17 No. 5

## હકીકતો સાથે દુશ્મનાવટ !



નેટ પર તમને ચોક્કસ વાંચવા મળશે :
**www.satyashodhaksabha.com પર જાઓ.**

## રેશનલ ચળવળ

'રમણભ્રમણ' સુવર્ણચંદ્રકથી આભુષીત ડૉ. સુજાત વલીની આગેવાની હેઠળ ગોધરાના હ્યુમન રેશનાલીસ્ટ એસો. તરફથી દર બુધવારે રાત્રે ૯.૦૦ કલાકે રેશનલ વેબીનાર યોજાય છે. એમાં જોડાવાનું તમને સૌને આમંત્રણ છે. એ માટે મો. નં. ૮૪૦૧૩૦૩૦૦૦ પર અવીનાશ મીસ્ત્રીનો સંપર્ક સાધવો. યોજાઈ ગયેલ વેબીનારની માહીતી :

| **તા.** | **વીષય** | **વક્તા** |
|---|---|---|
| ૦૮-૦૩-૨૩ | માઈન્ડ રીડીંગ | જુથચર્ચા |
| ૨૨-૦૩-૨૩ | (વૈજ્ઞાનીક કે ચમત્કાર ?) ગ્લોબલ વોર્મીંગ | ડૉ. સુજાત વલી |
| ૨૯-૦૩-૨૩ | સાહીત્યમાં વૈજ્ઞાનીક અભીગમ (કીમ ખાતેના થયેલ સેમીનાર અંતર્ગત) | સુર્યકાન્ત શાહ |
| ૦૫-૦૪-૨૩ | ફાસ્ટીંગ (ઉપવાસ) | ડૉ. સજાત વલી |
| ૧૨-૦૪-૨૩ | શ્રાપ | ડૉ. સુજાત વલી |
| ૧૯-૦૪-૨૩ | બાબો કે બેબી ? ગર્ભ પરીક્ષણ-ભ્રુણહત્યા | ડૉ. સુજાત વલી |
| ૨૩-૦૪-૨૩ | ક્યારે અટકશે અંધશ્રદ્ધાના નામે અત્યાચારો ! | ડૉ. સુજાત વલી |
| ૦૪-૦૫-૨૩ | શીક્ષણમાંથી ડાર્વીનવાદની બાદબાકી | ડૉ. સુજાત વલી |

## એક વાચકનો મીતભાષી અભીપ્રાય

**વીનુભાઈ પટેલ તા. વસો જી. ખેડા –** છેલ્લા છ માસથી ટપાલની બીનકાર્યક્ષમતાને કારણે મને છેલ્લા છ મહીનાથી 'સત્યાન્વેષણ' મળતું નથી. આથી એટલા અંક ફરીથી મોકલવા વીનંતી. જે ખર્ચ થશે તે આપવા હું તૈયાર છું. હું દર મહીને ચાતક નજરે અંકની રાહ જોઉં છું. યોગ્ય કરવા વીનંતી.

# સત્યાન્વેષણ

મુખ્ય સંપાદક

સુર્યકાન્ત શાહ

બી. એ. પરીખ
સુગીત પાઠકજી

સંપાદક મંડળ

ડો. સુષ્મા ઐય્યર

મનસુખ નારીયા
જનક બાબરીયા

૧૫ મે, ૨૦૨૩ | સળંગ અંક : ૩૭૮ | Vol. 17 No. 5

('સત્યાન્વેષણ' ઉંઝા જોડણીમાં તૈયાર થાય છે, સીવાય કે લેખકની તે માટે અનીચ્છા હોય.)


## હકીકતો સાથે દુશ્મનાવટ !

**–સુર્યકાન્ત શાહ**

વ્યકતી, સુમુહ,રાજકીય પક્ષ, રાષ્ટ્રો કે રાષ્ટ્રોના કેટલાક સમુહો જ્યારે નીરાધાર દાવા કરે છે ત્યારે તેઓ તેના ગુલામ થઈ જાય છે. એક વીચીત્ર પરીસ્થીતી પેદા થાય છે. દાવો કરનારનો દાવો એનું પોતીકું સર્જન છે. એનું પોતીકું સર્જન હોવા છતા એ સર્જન સર્જકનું માલીક બની જાય છે ! રાજકારણમાં ધર્મના નામે દાવા કરવા અંગે વીદ્વાનો, આઝાદીની લડતના લડવૈયાઓ, લગભગ બધા જ ધર્મના લોકો અને દેશ માટે ફના થઈ જવાનો દીલમાં આતશ ધરાવનારોઆની બંધારણ સભાએ લંબાણ ચર્ચા બાદ બંધારણમાં લખ્યું કે રાજકારણમાં અને દેશનું શાસન ચલાવવામાં ધર્મને વચ્ચે લાવવો નહીં, અને ધર્મના નામે કોઈ દાવા કરવા નહીં. પ્રવર્તમાન શાસકો ખુબ ચતુર છે. આથી તેઓ બંધારણના શબ્દોને જાળવી રાખીને એ શબ્દોમાં સમાવીષ્ટ ભાવનાને નષ્ટ કરી શકે છે, કરે છે. તેઓ પ્રામાણીકપણે માને છે કે ભારત બીનસાંપ્રદાયીક દેશ હોઈ શકે નહીં, એ હીંદુ રાષ્ટ્ર જ હોવો જોઈએ.

---

**ભારતીય બંધારણની ૫૧ એ (એચ) કલમ મુજબ વીજ્ઞાન અને વૈજ્ઞાનીક અભીગમનો પ્રસાર કરવા સત્યશોધક સભા 'સત્યાન્વેષણ'નું પ્રકાશન કરે છે. એમાં કોઈ પણ ધર્મ, જ્ઞાતી કે જાતીની લાગણી દુભાવવાનો ઈરાદો નથી. -સંપાદક મંડળ**

એમની આ માન્યતાને સાકાર કરવા માટે એમણે હીંદુત્વ જ શ્રેષ્ઠ હોવાનો દાવો કર્યો છે. આ દાવાના સમર્થનમાં તેઓ બધાં જ ક્ષેત્રે હીંદુત્વની શ્રેષ્ઠતાને 'શોધે' (!) છે, અને તે 'શોધ્યા' પછી નીરાધાર દાવા કરે છે. નાસાના મંગળ પર જતા અવકાશયાનના વીજ્ઞાન અને ટેકનોલોજી પર હીંદુત્વના પ્રભાવનો પણ તેઓ દાવો કરે છે ! આ દાવાને સૌથી વધારે એમણે શીક્ષણક્ષેત્રે ધારદાર બનાવવાનો થાય કે જેથી ભાવી પેઢી 'શ્રેષ્ઠ હીંદુત્વ'ના સંસ્કારને લઈને જ જીવનમાં પ્રવેશે. આ બહુ સાદો તર્ક છે. તદ્‌નુસાર એમણે પગલાં લેવા માંડયા છે. એમની તકલીફ એ છે કે એમના આ નીરાધાર દાવાઓનો હકીકતો સાથે મેળ ખાતો નથી. શ્રેષ્ઠ હીંદુત્વ હેઠળ 'દેશના સાચા અને શ્રેષ્ઠ રાજાઓ હીંદુ રાજાઓ જ હતા. અન્ય ધર્મીઓ રાજા હતા જ નહીં'-તેવો દાવો કરવાનો થાય. હકીકતો સાથે આ દાવો મેળ ખાતો નથી. સૌથી નેત્રદીપક હકીકત મોગલોના શાસનોની છે. ઈ.સ ૧૫૨૬ થી ૧૮૫૭ની આઝાદીની હીંસક લડત સુધી મોગલ રાજાઓ દીલ્હીના શાસકો હતા. ઈ.સ. ૧૮૫૭ પછી પણ નાના ઠકરાડાની જેમ એમણે થોડો સમય એવા નાના પ્રદેશમાં રાજ કર્યું હતું. આ હકીકત છે. એમનો દાવો આ હકીકત સાથે મેળ ખાતો નથી.આથી આવતી કાલની પ્રજા શાહમૃગી બને તે હેતથી પ્રવર્તમાન શાસકોના સંપુર્ણ પ્રભાવ તળે આવી ગયેલી અને માત્ર નામની 'સ્વાયત્ત' (?) 'નેશનલ કાઉન્સીલ ઓફ એજયુકેશન, રીસર્ચ એન્ડ ટેકનોલોજી'એ સમગ્ર મોગલ શાસનકાળને ઈતીહાસમાં નહીં ભણાવવાનો નીર્ણય લીધો ! રેશનાલીસ્ટો જે કહે છે કે નીરાધાર દાવા કરવાથી દુર રહો, અન્યથા એ દાવાના તમે ગુલામ બનશો. તે બાબત એનસીઈઆરટીના આ નીર્ણયથી સાચી પડી છે.

હીંદુત્વ હેઠળ બીજો એક દાવો એ કરવામાં આવ્યો છે કે માણસનું સર્જન બ્રહ્માએ કર્યું છે. ડાર્વીન અને અન્ય જીવવીજ્ઞાનીઓ તેમ જ સત્યશોધકો એ વાત સ્વીકારે છે કે ઉત્ક્રાંતીના ક્રમમાં માણસ પેદા થયો છે. એનું સર્જન કોઈ અપાર્થીવ તત્ત્વે કર્યું નથી. આ આપણી વહાલી પૃથ્વી પર જ જીવના અનુકુલન કરવાના સ્વભાવને પરીણામે જીવોનાં શરીરોમાં ફેરફારો થતા ગયા, જેમાંથી એક માનવ-શરીર તૈયાર થયું. હીંદુત્વવાળાના દાવા સાથે આ વૈજ્ઞાનીક સંશોધન મેળ ખાતું નથી. ડાર્વીનને ભણાવતા ભણાવતા 'સર્જનહાર'ને વીનવણી કરતી પ્રાર્થનાઓ, વીધી-વીધાનો, હોમ-હવનને વાજબી, હકીકતદર્શી અને ન્યાયી

(-વધુ પાના નં.-૪ ઉપર)

# લોભી હોય ત્યાં ધુતારા ભુખે મરે ?

**–તંત્રી લેખ**

આજની ફાસ્ટ જીવન શૈલીમાં દુનીયા સાથે તાલમેલ કરવામાં આપણી મથામણ હોય છે. જીવનમાં આપણા દુ:ખનું મુળ કારણ આપણી વધુ પડતી અપેક્ષાઓ ન ફળવાનું કારણ છે. આપણી અપેક્ષાઓ અને લાલચ વૃત્તી સંતોષવા કે દુ:ખમાંથી બહાર નીકળવા અંગે કોઈ આપણને રસ્તો બતાવે તો તેના સાચા ખોટાનો વીચાર કર્યા વગર આપણે તે સ્વીકારી લઈએ છીએ, અને કોઈ લેભાગુની દોરવણી મુજબ આપણે ફસાઈએ છીએ. દુ:ખ ઘટાડવાને બદલે વધારીએ છીએ. મુશ્કેલીમાંથી બહાર આવવાને બદલે વધુ મુશ્કેલીમાં ઘેરાઈએ છીએ.

થોડા દીવસો પહેલા સુરતના જહાંગીરપુરા વીસ્તારમાં આવી જ એક ઘટના બની હતી. રશ્મીબેન અને મનીષભાઈનો પરીવાર નડતર દુર કરવાની વીધી માટે ૫ લાખ રુ. ની છેતરપીંડીનો ભોગ બન્યા હતા. આ માટે પોતાની જાતને એસ્ટ્રોલોજીમાં પીએચ.ડી. તરીકે ઓળખવતા રાજુ જ્યોતીષ સામે પોલીસ કેસ પણ નોંધાયો હતો. રાજુ જયોતીષે આ દંપતીના ભોળપણનો લાભ લઈ જણાવ્યું હતું કે તમારા ઘરમાં ઈસ્લામીક અશુદ્ધી છે. આવી અશુદ્ધી હોય તેવું કયાંય કશું સાંભળેલ નથી. જયોતીષીઓ લોકોના મનમાં એવું ઠસાવી દે છે કે લોકો દોડતા થઈ જાય છે. એ જ પ્રમાણે આ કેસમાં પણ બન્યુ જ્યોતીષે એ પરીવારને જણાવ્યું કે, આ નડતર દુર કરવા તમારા ઘરમાં રહેલી બધી સંપત્તી-સોનુ અને રોકડનું શુદ્ધીકરણ કરાવવું પડે. સોનાના શુદ્ધીકરણ માટે ૩૨૦૦૦ રુ. ખર્ચ વીધી કરવા માટે થાય.' એમ કહી ૧૨ તોલા સોનુ પચાવી પાડયું હતું. આ ઉપરાંત રુ. ૫૧૦૦૦ હવન માટે તથા રુ. ૫૦૦૦ શુદ્ધીકરણ કરવા માટે એમ કુલ્લે ૫ લાખ રુ. પડાવી લીધા હતા અને ૭૨ દીવસ પછી તેની અસર થાય તેવું જણાવ્યું હતું. આટલી પ્રતીક્ષા બાદ દંપતીને છેતરાવાની જાણ થતાં પોલીસ કેસ કર્યો. આવી ઘટનામાં સવાલ એ થાય કે ધતીંગ કરતા જયોતીષીઓ કેટલી અસરકારક રીતે હીપ્નોટીઝમ કરીને લોકોને ગુમરાહ કરી તેનો લાભ લેતા હોય છે, અને લોકો પણ પોતાની જાતને બીજાને હવાલે કરીને છેતરપીંડીનો ભોગ બને છે. માણસ સ્વતંત્ર રીતે વીચારી નથી શકતો. તેને શંકા કે છેતરાવાની શકયતા પહેલા કેમ ખબર નથી પડતી ? સમાજમાં આવા કીસ્સા વારંવાર બનતા જ રહે છે તે પ્રકાશમાં પણ આવે છે, છતાં આપણે તેમાંથી કશું શીખતા કેમ નથી ? જે પોતાની અંદર ડુબે છે તેને કેમ ઉગારી શકાય ? આવી ઘટનાઓનો ભોગ ન બને તે માટે લોકોને મીડીયા-મોબાઈલ દ્વારા પણ આવી પોલ ખોલી નાખતા બનાવો અંગે લોકજાગૃતી કેળવીએ. બાકી એસ્ટ્રોલોજીમાં નીષ્ણાત કહેવાતા જયોતીષ શાસ્ત્રીને એસ્ટ્રોનોમી અને એસ્ટ્રોલોજીનો ફર્ક પણ ખબર હોતી નથી. જયાં લોભી હોય ત્યાં ધુતારા ભુખે ન મરે.

(ચાલુ પાના નં.-૨ નું)

પણ ઠેરવી શકાતા નથી. હીંદુત્વનો પ્રભાવ વધારવો હોય અને છેવટે ભારતને હીંદુ રાષ્ટ્ર બનાવવો હોય તો આ વૈજ્ઞાનીક સંશોધનથી પણ વીદ્યાર્થીઓને અજ્ઞાત રાખવા પડે. આથી, ખુબ બહાનુ કાઢયું છે કે 'વીદ્યાર્થીઓને ભણવામાં બોજો નહીં પડે' તે હેતુથી આ બન્ને, મોગલ સામ્રાજ્ય અને ડાર્વીનના વીષયાંગોને અભ્યાસક્રમમાંથી દુર કરવામાં આવ્યા છે ! જ્યાં ખુબ ઓછા વીદ્યાર્થીઓ ભણવાના છે એવા ઉપલા ધોરણોમાં તેનો સમાવેશ કરવાનાં આશ્વાસન આપવામાં આવ્યા છે. આ બન્ને અને એવી અન્ય બાબતો બહોળો વીદ્યાર્થી સમુદાય જાણે તો હીંદુત્વના નામે જે ટોળાં ભેગા કરવામાં આવે તેમા અંતરાય પડે. આજે પણ હકીકતોને સમજનારા અને પ્રવર્તમાન શાસકોની નીતી 'ગેરવાજબી' હોવાનું માનનારા અલ્પમાં અલ્પસંખ્યક છે. એમણે મૌન રહેવાનું જ સ્વીકારી લીધું છે. આવા મુદ્દાઓ કાઢી નંખીને તે જો અપાયેલા આશ્વાસન પ્રમાણે ઉપલા ધોરણોમાં શીખવવામાં આવે તો પણ ભવીષ્યમાં તેઓ અલ્પસંખ્યક જ રહેશે. તેઓ પણ મૌન રહેવાનું સ્વીકારશે એ સામી દીવાલ પરના લખાણ જેવું સ્પષ્ટ છે. આ તદ્દ્ન ઈર્રેશનલ નીર્ણયોને રેશનાલીસ્ટોએ સમજવાનું તો રાખવું જ જોઈએ. પોતાની સલામતી જાળવીને પણ એમણે એમના વર્તુળમાં 'ગણગણાટ' તો કરવો જ જોઈએ.

---

## અપીલ

**ગુજરાતીભાષીઓ માટે રેશનાલીઝમ પર ચીંતન કરતું એક માત્ર 'સત્યાન્વેષણ' માસીક છે. માત્ર ગુજરાત-મુંબઈમાં જ નહીં, પરંતુ અન્યત્ર પણ ગુજરાતીભાષીઓ વસે છે. એ સૌને અપીલ કરવાની કે આપ સૌ 'સત્યાન્વેષણ'ના વાચક બનો. પ્રવર્તમાન વાચકોને પણ વીનંતી કે તેઓ દરેક બીજા પાંચ વાચકો બનાવી આપે. આપણું 'સત્યાન્વેષણ' દરેક મહીનાની પંદરમીએ નીયમીતપણે બહાર પડે છે. એનું વાર્ષીક લવાજમ રૂા. ૨૦૦/- અને આજીવન રૂા. ૨૦૦૦/- છે. તે મ. ઓ. થી કે સત્યશોધક સભાના બેન્ક ઓફ બરોડાના ખાતામાં સીધા જમા કરાવી શકાય છે. સત્યશોધક સભાને આપવામાં આવતું દાન આવકવેરામાં રાહતને પાત્ર છે.**

***દરેક 'સત્યાન્વેષણ'ના પહેલા ટાઈટલ પર વાચકોને જણાવવામાં આવે છે કે 'સત્યાન્વેષણ' www.satyashodhak sabha.com પર વાંચવા મળશે. ઉપરાંત જો વાચક એનો મોબાઈલ નંબર અને ઈ-મેઈલ એડ્રેસ આપશે તો એને આ જ લવાજમ હેઠળ PDF મોકલવામાં આવશે.**

# પુર્વજન્મ-પુનર્જન્મ એક જૂઠાણું

**-એન. વી. ચાવડા**

મનુષ્યના પુર્વજન્મ અને પુનર્જન્મનો શાસ્ત્રાધારીત સીદ્ધાંત સાચો નથી. એ હકીકત એક પ્રત્યક્ષ અને વાસ્તવીક દ્રષ્ટાંત દ્વારા આપણે સમજવાનો અહીં પ્રયત્ન કરીશું.

પ્રથમ આપણે આપણી જાતને જ પ્રશ્ન પુછીએ કે, 'આપણો જન્મ થયો તે પહેલાં આપણે કયાં હતાં ?' જેનો જવાબ એ છે કે, 'આપણો જન્મ થયો તે પહેલાં આપણે આપણી માતાના ઉદરમાં યાને ગર્ભમાં હતાં.' હવે બીજો પ્રશ્ન પુછો કે, 'આપણી માતાના ગર્ભમાં આપણે કયાંથી આવ્યાં ?' જેનો જવાબ એ છે કે, 'માતાના ગર્ભમાં આપણો ચોક્કસ ભાગ આપણા પીતાના શરીરમાંના સુક્ષ્મ શુક્રકણ અને બીજો ચોક્કસ ભાગ માતાના શરીરના સુક્ષ્મ રજકણનું માતાના ગર્ભમાં મીલન થતાં આપણા દેહનું ત્યાં પ્રથમ પ્રાગટય થયું. એનો અર્થ એમ થાય કે એ પહેલાં આપણું આ જગતમાં કોઈ સ્થળે અસ્તીત્વ હતુ જ નહીં. અર્થાત્ તે પહેલાં આપણો કોઈ પૂર્વજન્મ હતો જ નહીં, કારણ કે એ આપણો પ્રથમ અને છેલ્લો જન્મ હતો. આ બાબત દર્શાવે છે કે શાસ્ત્રોમાં જે આપણા પુર્વજન્મની વાતો કરવામાં આવી છે, તે કાલ્પનીક, જુઠી અને કદાચ છેતરપીંડીયુકત છે.

ધર્મશાસ્ત્રો એવું પણ કહે છે કે જીર્ણ શરીરમાંથી આત્મા બહાર નીકળી જઈને બીજો નુતન દેહ ધારણ કરે છે, પરંતુ તેની સામે વેધક પ્રશ્ન એ ઉપસ્થીત થાય છે કે, 'એવો આત્મા વગરનો મૃત દેહ કયા સ્થળે હોય છે ?' કોઈ પણ માતાના ગર્ભમાં જે દેહનું પ્રાગટય થાય છે, તે દેહ તો પ્રથમથી જ જીવંત-ચેતનાયુકત જ હોય છે, કારણ કે પીતાના શુક્રકણમાં અને માતાના રજકણમાં પ્રથમથી જ ચેતના હોય જ છે, તેથી જ તે બન્ને કણોનું મીલન, આપણું પ્રાગટય અને વીકાસ શકય બનાવે છે. અર્થાત્ કોઈપણ માતાના ગર્ભમાં પ્રગટેલ દેહને બહારના કોઈના અને કોઈ ભટકતા આત્માની આવશ્યકતા હોતી જ નથી. આમ આત્મા એક દેહ તજીને બીજા દેહમાં દાખલ થાય છે તે વાત જ નીરાધાર અને કાલ્પનીક છે. અર્થાત્ માણસનો કોઈ પુનર્જન્મ પણ નથી. વાસ્તવમાં દેહથી ભીન્ન એવા કોઈ આત્માનું અસ્તીત્વ જ નથી.

## Black Hole (શ્યામ ગર્તા)

હવે તો શ્યામ ગાર્ત હોવાના પ્રતીતીકારક પુરાવા મળ્યા છે. હવે એ પણ નકકી થયું છે કે શ્યામ ગર્તામાં સમય નામનું તત્વ જ નથી. બ....સ આવું જ બીગ બેંગ પહેલા હતું. શ્યામ ગર્તામાંનો સમયનો અભાવ બીગ બેન્ગને સમજાવી શકે એવું તત્ત્વ છે.

# શું સચરાચર અનાદી છે ?

ધર્મવાળા દાવો કરે છે કે સચરાચરની શરુઆત અંગે વીજ્ઞાન કશું સંશોધન કરી શકે એમ જ નથી કારણ કે એ બાબત માત્ર ધર્મના કાર્યક્ષેત્રમાં આવે છે ! કોઈપણ સાચો વૈજ્ઞાનીક ધર્મવાળાઓના આ દાવાને સ્વીકારી શકે જ નહીં, એવો સ્પષ્ટ અભીપ્રાય હોકીંગે આપ્યો છે. એમની દલીલ એ છે કે સચરાચર અનાદી કાળથી અસ્તીત્વમાં છે એવું માનીને વીજ્ઞાનના જે સીદ્ધાંતો શોધાયા છે તે જ સીદ્ધાંતો સચરાચરના આયુષ્ય માટે લાગુ નહીં પડે તેવી રજુઆત સ્વીકારી શકાય જ નહીં. વીજ્ઞાને શોધેલા સીદ્ધાંતો સર્વત્ર અને સદાકાળ લાગુ પડે જ. આથી ધર્મવાળાઓને બાજુ પર રાખી વીજ્ઞાને સ્વતંત્રપણે સચરાચરની શરુઆતને સમજવાની કોશીશ કરવી જોઈએ. ધર્મવાળાઓની વાતોના પ્રભાવ તળે મગજ બંધ કરવું જોઈએ નહીં ! ખુલ્લા મને સચરાચરની શરુઆત અંગે સંશોધન કરવું જોઈએ. આપણી પાસેની માહીતી, સાધનો અને વીચારશકતી થકી ભલે આજે એ શરુઆત શોધવામાં મુશ્કેલી પડે, છતાં જે કાંઈ આપણી પાસે છે તેની મદદથી વૈજ્ઞાનીક પદ્ધતીએ સચરાચરની શરુઆત શોધવી જ જોઈએ.

## સ્પષ્ટવકતા હોકીંગ

ભગવાન -ખુદા-ગોડની બાબતમાં હોકીંગ જેટલા સ્પષ્ટ હતા તેટલા બીજા વૈજ્ઞાનીકો પણ હતા, પરંતુ તેઓએ જાહેરમાં હોકીંગ જેટલી સ્પષ્ટ વાણી ઉચ્ચારી નહોતી. ભગવાનના અસ્તીત્વ માટે એમને જયારે પુછવામાં આવ્યું ત્યારે એમણે પુરી સ્પષ્ટતા સાથે જણાવેલું કે ગોડ જેવું કશું નથી. આથી, સ્વર્ગ પણ નથી અને નર્ક પણ નથી. મરણ પછી પુનર્જનમ થવાનો જે દાવો છે તે તદ્દન ખોટો છે. પુનર્જન્મ જેવું કશું નથી. આથી, આપણે મરી જઈએ છીએ એનાથી વીશેષ કશું નથી. આથી જો કંઈક વીચારવાનું હોય, કરવાનું હોય કે આનંદવાનું હોય તો તે બધું જીવીએ છીએ ત્યારે જ કરી લેવાનું. આપણા જનીન આપણા બાળકોને આપી જઈએ છીએ તેટલા પુરતું મરી ગયા બાદ આપણું અસ્તીત્વ છે. બાળકોમાંના આપણા એ અસ્તીત્વને ખુશ રાખવા માટે આપણે જઈએ તે પહેલા પૃથ્વીને વધારે સારી જીવવા લાયક બનાવીને જવું જોઈએ.

# ગીતાનું તાર્કીક વીશ્લેષણ-૨

-પ્રવીણ ગઢવી, ગાંધીનગર
મો-૯૯૭૯૮ ૯૩૯૯૦

'દ્યુતં છલયતામસ્મી...(9-36) હું છળકપટમાં દ્યુત-જુગાર છું!' આનો અર્થ શું કરવો ? વૃષ્ણી વંશમાં વાસુદેવ, પાંડવોમાં ધનંજય (એટલે કે અર્જુન પણ), મુનીઓમાં વેદવ્યાસ અને કવીઓમાં શુક્રાચાર્ય હું છું.' (10-37) અર્થાત્ કૃષ્ણ વૃષ્ણી વંશી યાદવ વાસુદેવના પુત્ર હતા એટલે સરળતાથી વાસુદેવ કહેવાયા. વાસ્તવમાં ઈ.સ. પુર્વે બીજીથી ઈ.સ. બીજી સદી સુધી વીષ્ણુનું એક સ્વરૂપ વાસુદેવ ખુબ લોકપ્રીય અને પુજનીય હતું. એટલે કૃષ્ણભકતોએ કૃષ્ણને વાસુદેવ કહી એમને વીષ્ણુના અવતાર બનાવી દીધા કેમ કે રામભકતોએ રામને પણ વીષ્ણુના અવતાર બનાવી દીધા હતા જ. કૃષ્ણ પોતાને અસુરોના ગુરુ શુક્રાચાર્ય શા માટે કહે છે તે સમજાતું નથી. ખરેખર તો દેવોના ગુરુ બૃહસ્પતી કહેવાવું જોઈતું હતું.

'હું દમનકારીઓનો દંડ છું.' (10-38) આમાં દમનકારીઓ કરતાં રાજાનો દંડ કહ્યું હોત તો વધુ યોગ્ય થાત એમ લાગે છે. દુષ્ટ પ્રજાપીડકો માટે રાજદંડ અનીવાર્ય છે.

'સમસ્ત ભુતોની ઉત્પત્તીનું કારણ પણ હું છું. બ્રહ્માંડને ધારણકર્તા હું છું.' (10-39,42) આધીભૌતીકવાદીઓ અને ભૌતીકવાદીઓના ઝઘડાનું મૂળ અહીં છે. આધી-ભૌતીકવાદીઓ ઈશ્વરમાંથી પરમ આત્મામાંથી વીશ્વ જનમ્યું એમ કહે છે, જયારે ભૌતીકવાદી પદાર્થમાંથી વીશ્વ અને જીવસૃષ્ટી જનમ્યાં એમ કહે છે. વીજ્ઞાનનો મત પુરાવા આધારીત છે, જયારે અધ્યાત્મનો વીજ્ઞાનનો મત કેવળ કલ્પના-ધારણા છે.

અધ્યાય-11 માં કૃષ્ણ પોતાનું વીશ્વરુપ બતાવે છે. અર્જુન કૃષ્ણનું જ્ઞાન, ઐશ્વર્ય, શકતી, બળ, વીર્ય અને તેજયુકત ઈશ્વરીય રૂપ જોવા ઈચ્છા વ્યકત કરે છે.

હવે યુદ્ધના મેદાનમાં વીરાટ સ્વરુપ બતાવે તો કૌરવો પણ એ જોઈ જાય તેથી ગીતાકારે ચતુરાઈથી અર્જુનને દીવ્ય ચક્ષુ આપ્યા. જેથી માત્ર તે જ જોઈ શકે ! 'ઈશ્વરને જોવા દીવ્ય ચક્ષુ જોઈએ' એમ કહી શંકાશીલોને ચુપ કરવામાં આવ્યા છે.

હવે કૃષ્ણ અનેક મુખ, હાથ, દીવ્ય આયુધો હજારો સૂર્યોનો પ્રકાશ ધરાવતા વીરાટ પુરુષનું સ્વરુપ બતાવે છે. પછી જ અર્જુન એમના ગુણગાન કરવા મંડી પડે છે.

કૃષ્ણના વીરાટ સ્વરુપમાં અનેક દેવો એકઠા હોય તેવી કલ્પના કરવામાં આવી છે. વળી દુષ્ટાકરાણાની...(11-15)માં નરસીંહ સ્વરુપનું ભયંકર ચીત્ર આપવામાં આવ્યું છે. આ નરસીંહના મુખમાં ભીષ્મ-દ્રોણાચાર્ય-કર્ણ આદી પ્રવેશતા જોવા મળે છે.

રાજા પરથી ઈશ્વરની કલ્પના ઉતરી આવી છે. રાજા જેમ રાજયનું સંચાલન કરે છે એમ ઈશ્વર વીશ્વનું સંચાલન કરે છે. રાજા રુદ્ર પણ હોવો જોઈએ અને દયાળુ પણ હોવો જોઈએ. તેથી દરેક ધર્મમાં દુષ્ટ લોકો માટે ઈશ્વર ક્રુર છે અને સજ્જન, દયાળુ અને કરુણામય પણ છે. અલબત્ત, ઈશુએ પ્રભુની કલ્પના દયામય જ કરી છે, જયારે બુદ્ધે મનુષ્યે કરણામય બનવું જોઈએ કહી ઈશ્વરનો છેદ ઉડાડી દીધો છે. પછી ખુદ ભગવાન કહે છે. 'કાલો અસ્મી લોકક્ષય કૃત્પ્રવૃદ્ધો. (11-15) હું લોકસંહાર કરનારો કાળ છું. તું નહીં લડે તો પણ કૌરવોના યોદ્ધાઓ મારો કોળીયો થવાના છે. તેથી તું લડ. ધન-ધાન્ય સમૃદ્ધ રાજય ભોગવ. તારે તો કેવળ નીમીત્ત બનવાનું છે.' (11-32, 33)

પણ જો એમ જ હોત તો યુદ્ધ કરી બંને પક્ષોનો કૃષ્ણે સંહાર શા માટે થવા દીધો ? પોતે જ કૌરવ સેનાને ગળી ગયા હોત તો ?

'આપ વાયુ, અગ્ની, વરુણ, ચંદ્ર, પ્રજાના સ્વામી બ્રહ્મા છો. બ્રહ્માના પીતા છો.' (11-39) એટલે વીષ્ણુ સ્વરુપ કૃષ્ણને બ્રહ્માના પીતા બનાવી દીધા ! વેદ પ્રમાણે તો ઈન્દ્ર અને ઉપેન્દ્ર (વીષ્ણુ) કશ્યપ-અદીતીના પુત્રો હતા. કશ્યપ પૌત્ર હતો. ખેર, 'આવા ભગવાન વેદાભ્યાસીથી, તપથી, દાનથી, યજ્ઞથી જોઈ શકાતા નથી. પરંતુ ભકતી દ્વારા જોઈ શકાય છે.' (15-54) અર્થાત્ દ્વૈતાદ્વૈતની ભાંજગડમાં કે યજ્ઞોના કર્મકાંડમાં ન પડનાર સાધારણ જન ભકતી કરે તો તે પ્રભુદર્શન કરી શકે. અહીં ભકતી સંપ્રદાયનો મહીમા કરાયો છે.

બારમો અધ્યાય ભકતી યોગ કહેવાયો છે. જેમાં ભકતીની પ્રશંસા કરવામાં આવી છે. એમાં ભકતોને યોગીઓથી ચઢીયાતા માન્યા છે. 'અભ્યાસ કરતાં જ્ઞાન, જ્ઞાન કરતાં ધ્યાન, ધ્યાન કરતાં કર્મફળનો ત્યાગ ચઢીયાતો છે.' (12-12)

'ભકત પણ હર્ષ દ્વેષ, શોક, કામના રહીત અને શુભ અને અશુભ કર્મોનો ત્યાગી હોવો જોઈએ.' (12-17) હવે ભકતને તો કીર્તનમાં હર્ષ થાય છે. તે શું યોગ્ય નથી ? ભકત લાગણીશુન્ય હોઈ શકે ? અશુભ-ખરાબ કર્મોનો ત્યાગ તો ઠીક છે, પરંતુ શું શુભ-સારાં કર્મોનો પણ ત્યાગ કરવાનો ?

તેરમો અધ્યાય ક્ષેત્ર યોગ કહેવાયો છે. 'મને તું સર્વ ક્ષેત્રોમાં ક્ષેત્રજ્ઞ જાણ.' (13-2)

ક્ષેત્ર એટલે શરીર. તેને જાણે-જીવાત્માને જાણે તે ક્ષેત્રજ્ઞ. અર્થાત્ ભગવાન દરેક જીવાત્મામાં વસે છે. તે ઉપનીષદદર્શન અહીં વ્યકત થયું છે.

'મૂળ પ્રકૃતી અને પુરુષ - બેયને અનાદી માન, રાગ, દ્વેષ, વીકારો તથા ત્રીગુણાત્મક સર્વ પદાર્થને પણ પ્રકૃતીમાંથી ઉદ્ભવેલા માન.'(13-19)

પ્રકૃતી એટલે પદાર્થ અને પુરુષ એટલે ચૈતન્ય. બંને અનાદી છે તેમાં અર્ધસત્ય અવશ્ય છે. બીગ બેન્ગ જેટલો પદાર્થ અનાદી તે વાત સાચી પરંતુ ચૈતન્ય પાછળથી પદાર્થની પ્રક્રીયામાંથી જ ઉદ્ભવ્યું છે.

'મારી મુળ પ્રકૃતી સકળ ભુતોની યોની છે. અર્થાત્ ગર્ભાધાનનો આધાર છે. હું એ યોનીમાં ચેતન (જીવ) સ્થાપું છું. એ જડ-ચેતનના યોગથી ભુતોનો ઉદ્ભવ થાય છે.' (14-3) જો આમ જ હોત તો સંભોગ વગર જ જીવ ઉત્પન્ન થતો હોત. અલબત્ત, વીજ્ઞાન હવે કલોનીંગ કરી શકે છે, પરંતુ શુક્રાણુ અને અંડનો સંબંધ થવો જરુરી છે.

પંદરમા અધ્યાયના પ્રથમ શ્લોકમાં કહેવાયું છે કે 'આદીપુરુષ (પરમેશ્વર) સંસારરુપી વૃક્ષનું ઉર્ધ્વમુળ છે.' તેની શાખાઓ નીચે છે. બ્રહ્મા પણ પરમાત્માનું સર્જન છે. આ વૃક્ષમાં જીવને બદલે વેદનાં પાંદડા મુકવામાં આવ્યા તે આશ્ચર્યજનક છે.

'જીવાત્મા શરીર છોડે છે ત્યારે વાયુ જેમ ગંધને લઈ જાય છે તેમ તે મન સમેત ઈન્દ્રીયોને લઈ જઈ બીજા શરીરને પામે છે.' (15-8) પુનર્જન્મની કલ્પના જ અહીં વ્યકત થઈ છે. પુનર્જન્મ તો નથી જ, પરંતુ આ શ્લોક પ્રમાણે તો મૃત્યુ પામેલ વ્યકતી હતી તેવી જ પુનર્જન્મ પામે. અર્થાત્ દુષ્ટ દુષ્ટ જ જન્મે. સજ્જન સજ્જન જ જન્મે ન ભુતો ન ભવીષ્યતી જેવી આ કપોળ કલ્પીત વાત છે. ગીતામાં ઉપનીષદોનું ચીંતન જ વારંવાર પ્રગટ થતું રહે છે.

'હું નાશવંત પદાર્થ જગતથી પર છું. અવીનાશી આત્માથી પણ ઉત્તમ છું. તેથી હું વેદોમા પુરુષોત્તમ કહેવાઉં છું.' (15-18)

ઈશ્વર સર્વોપરી હોવાનો ખ્યાલ વ્યકત થયો છે. પરંતુ પદાર્થ નાશવંત નથી. તેનું કેવળ રુપાંતર થાય છે. જ્યારે જીવ નાશવંત છે, કેમ કે શરીર મૃત થતાં તે પણ મૃત થાય છે. આત્મા અમર હોવાનો આધ્યાત્મીક ખ્યાલ કેવળ કલ્પના છે. હા, માતાપીતાના જીન્સ પુત્ર-પુત્રીમાં રહે છે. તેથી એમ કહી શકાય કે આપણે આપણાં સંતાનોમાં મૃત્યુ પછી પણ જીવંત રહીએ છીએ. આ વીજ્ઞાન છે.

અધ્યાય 16 માં ચાર્વાકીય મત પર કે સુખવાદી લોકો પર આક્રમણ કરવામાં આવ્યું છે. શ્લોક આઠમાં કહેવાયું છે કે 'અસત્ય પ્રતીષ્ઠં અર્થાત્ અસત્યવાદી લોકો એવું માને છે કે

વીશ્વ આશ્રય વગરનું. અસત્ય અને ઈશ્વર વીના સ્ત્રી-પુરુષના સંયોગથી કામથી જ ઉદ્‌ભવ્યું છે.'

વાસ્તવમાં ચાર્વાક મત જ વૈજ્ઞાનીક છે, કેમ કે જીવથી જ જીવની ઉત્પત્તી થાય છે. પહેલો જીવ અમીબા રાસાયણીક પ્રક્રીયાથી ઉત્પન્ન થયો. પછી અમીબાએ પોતાના જ કોષનું વીભાજન કરી બીજો અમીબા સર્જ્યો. એમ જીવનની શૃંખલા અવીરત ચાલતી રહી છે. આ યુનીવર્સ સ્વયંસંચાલીત છે, અને કોઈ સંચાલક ઈશ્વર હજી સુધી જોવા મળ્યો નથી. તે કેવળ માનવ મસ્તીષ્કની કલ્પના છે.

'એ મુર્ખાઓ (ચાર્વાકવાદીઓ) જન્મોજન્મ આસુરી યોની પામે છે. ઘોર નરકમાં પડે છે !' (16-20) ઠીક છે. કપોળ કલ્પનાઓમાં વીહરતા ભલે કાલ્પનીક સ્વર્ગ પામે. 'કામ, ક્રોધ, લોભ નરકનાં દ્વાર છે !' (16-21)

ક્રોધ, લોભનું તો ઠીક છે, પરંતુ કામ કે ઈચ્છા પર આટલો રોષ અધ્યાત્મવાદીઓને કેમ છે, તે સમજાતું નથી. ઈચ્છા વગર પ્રગતી ન થાય. પરીક્ષા પાસ કરવાની ઈચ્છા ન હોય તો પાસ થવાય ? મન વગર માળવે ન જવાય અને કામ વગર તો માનવજાત તો ઠીક, જીવસૃષ્ટી જ નાશ પામે. માની લો કે વીશ્વના સઘળા પુરુષ બ્રહ્મચારી થઈ જાય તો બાળકો થશે ?

'તસ્માચ્છાસ્ત્રં પ્રમાણં (16-24) તેથી તું શાસ્ત્રને જ પ્રમાણ માન.' અર્થાત્ તું શાસ્ત્રને આંખો મીંચી માની લે, શંકા ન કર. મગજનાં દ્વાર બંધ કરવામાં આવે તો જ માણસ આવી કલ્પીત વાતો માને ને !

'ફળેચ્છા સીવાય થાય તે યજ્ઞ સાત્વીક. ફળની ઈચ્છાથી દંભ ખાતર થાય તે યજ્ઞ, રાજસ અને શાસ્ત્રવીધી. અન્નદાન દક્ષીણા ને શ્રદ્ધા વીના કરેલ યજ્ઞને તામસ યજ્ઞ કહેવાય.' આજકાલ થતા બહુધા યજ્ઞો રાજસ અને તામસ જ કહેવાય તેવા છે. (17-11.12.13)

અગાઉ ગુણધર્મના આધારે વર્ણાશ્રમ રચ્યો હોવાનું કહેનાર કૃષ્ણ વળી અધ્યાય 18ના શ્લોક 41 માં ફક્ત ગુણો દ્વારા રચ્યો હોવાનું કહે છે, અને શ્લોક 44 માં 'પરીચર્યાત્મકં કર્મ શૂદ્રસ્યાપી સવભાવજન' અર્થાત્ સર્વ વર્ણોની સેવા કરવી એ શુદ્રોનું સ્વાભાવીક કર્મ છે ! એમ કહી શુદ્રોને કાયમી સેવક બનાવી દીધા છે.

'શ્રેયાન્સ્વધર્મો વીગુણઃ (18-47) માં કહેવાયું છે કે સારી રીતે આચરવામાં આવેલા બીજાના ધર્મ કરતાં ગુણહીન પણ પોતાનો ધર્મ ચઢીયાતો છે.'સ્વભાવગત કર્મ કરતો મનુષ્ય નીષ્પાપ છે.' ચક્રવર્તી રાજગોપાલાચારીએ અહીં ધર્મનો અર્થ કર્મ કર્યો છે. એટલે કે સફાઈ કામદારે અસ્વચ્છ કર્મ-વ્યવસાયને ચઢીયાતો માની કરતા રહેવું.

'તમેવ શરણં (18-12)  અર્થાત્ સર્વ રીતે પરમેશ્વરના શરણે જા. તેની કૃપાથી જ પરમ શાંતી અને શાશ્વત પરમ ધામ (મોક્ષ) પામીશ.' વળી 'તું મારામાં મન પરોવ. મારો ભકત થા. પુજારી થા અને મને પ્રણામ કર્યા કર. (18-65)  તું કેવળ મારા શરણે આવી જા.' (18-66) એમ કહી અન્ય કશું વીચાર્યા વગર, સંશયહીન થઈ શરણાગતી સ્વીકારવાનો બોધ આપવામાં આવ્યો છે.

છેલ્લે અર્જુનને ચેતવણી પણ આપવામાં આવી છે કે, 'ગીતા રહસ્ય તપવીહીન ભકતી રહીત અને ન સાંભળવા ઈચ્છતા અને ઈશ્વરના દોષ જોનાર (અર્થાત્ નાસ્તીક) ને ન કહેવું-બતાવવું !'

એટલે કે આંખો મીંચીને ગીતાની વાત માની લે એણે જ ગીતા સાંભળવી અથવા વાંચવી ! મોટા ભાગના આચાર્યોએ પણ આંખો મીંચીને જ ગીતા વાંચી છે. એમ લાગે છે !

ગીતામાં ઉપનીષદોના વીવીધ તારતમ્યોનો શંભુમેળો રચવામાં આવ્યો છે તે ફલીતાર્થ છે. નીરીશ્વરવાદીઓ માટે તો સર્વ વીતંડાવાદ નીરર્થક જ ગણાય !!!! (સંપુર્ણ)

---

દયાનંદ સરસ્વતી 'સત્યાર્થ-પ્રકાશક'માં જણાવે છે કે, 'પરમેશ્વર સૌની ભલાઈ અને સર્વને માટે સુખ ઈચ્છે છે, પરંતુ સ્વતંત્રતાથી એટલે કે સ્વેચ્છાપુર્વક કોઈને પાપ કર્યા વગર પરાધીન કરતો નથી.' મતલબ કે તમે જો સ્વેચ્છાએ પાપ કરો તો તમે પરાધીન એટલે કે પરમાત્માને આધીન બની જાઓ ! દયાનંદ આગળ જણાવતા નથી કે પાપીને પરાધીન કર્યા બાદ પરમાત્મા શું કરે. માની લઈએ કે સજા કરે. એની ભલાઈ અને સુખ ઈચ્છે નહીં. આ ધારી લેવું પડે કારણ કે દયાનંદે સ્પષ્ટતા કરી નથી કે પાપી પરાધીન થયા બાદ પરમાત્મા શું કરવા ધારે છે. કોઈ પણ ધર્મમાં આવાં અસ્પષ્ટ વીધાનો ઢગલેબંધ મળશે. એ અસ્પષ્ટ હોય એટલે ધર્મના નામે ધુર્ત લોકો પોતાને ફાયદામાં હોય એવો અર્થ કરી ભોળીયા ભકતોને લુંટતા હોય છે.

---

**સત્યશોધક સભાને દાન**

શ્રી જગુ મકન પટેલ અને પ્રેમી જગુ પટેલ, રામપુરા, તા. કામરેજ, જી. સુરતના સ્મરણાર્થે હ. સુરેન્દ્રભાઈ જગુ પટેલ પરીવાર તરફથી સત્યશોધક સભાને રૂા. ૧,૨૫૧/-નું દાન મળ્યું છે. તેનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે.

**૨૯-૪-૨૩** **સુર્યકાન્ત શાહ**
પ્રમુખ

# રેશનાલીસ્ટોનું એક અભુતપુર્વ સંમેલન–૪

**–સુર્યકાન્ત શાહ**

(તા. ૨૮-૨૯-જાન્યુ.૨૦૨૩ દરમીયાન ગોધરામાં ગુજરાત-મુંબઈ રેશનાલીસ્ટ એસો. અને ગોધરાના હ્યુમેનીસ્ટ રેશનાલીઝમ એસો. યોજીત સંમેલન ‘રમણ ભ્રમણ’ સુવર્ણચંદ્રકથી આભુષીત ડો. સુજાતવલીની રાહબરી હેઠળ યોજાયું. એમાં વીવીધ વકતાઓએ વીવીધ વીષયો પર પોતાના અનુભવોનાં ભાથા સહીત વીદ્વતાપુર્ણ વ્યાખ્યાનો આપ્યાં, ચર્ચા કરી, ગત તા. ૧૬-૨-૨૩ ના ‘સત્યાન્વેષણ’ના અંકથી બેઠક દીઠ અહેવાલો આપવાનું શરુ કર્યું છે. આજના અંકમાં અહેવાલ આગળ સુ.)

ડો. સુજાત વલીના પ્રમુખપદે ચોથી બેઠકમાં સુર્યકાન્ત શાહે ‘વીજ્ઞાનમાં અપવાદો’ પર પોતાના વીચારો દર્શાવ્યા હતા. (આ વીચારો સમાવતું પ્રવચન આ અંકમાં અન્યત્ર પ્રસીદ્ધ કર્યું છે.)

ત્યારબાદ ડો. વલીએ જણાવ્યું કે વીજ્ઞાનની પ્રાથમીક માહીતી પણ જો લોકો સમજતા થાય તો અંધશ્રદ્ધા-વહેમો ઘણાં ઓછાં થઈ જાય. ઈ. સ. ૧૯૫૨માં સીદ્ધ થયું છે કે નીર્જીવમાંથી જ જીવ પેદા થયો છે. ડાર્વીને ઉત્ક્રાંતીનો જે સીદ્ધાંત આપ્યો તેને રોજબરોજ પુરવાર કરતા નવા પુરાવા મળતા જ જાય છે. ખાસ કરીને મળતા કંકાળોથી આ સીદ્ધાંતને વધારે પુષ્ટી મળે છે. લગ્ન સંસ્થા સેકસ અને પ્રજનન કરતાં પણ વધારે બાલઉછેર માટે જરુરી છે. જો રાજય વૈજ્ઞાનીક પદ્ધતીએ બાલઉછેરનું કાર્ય સંભાળી લે તો લગ્ન સંસ્થાની જરુર રહેતી નથી. પોતાના આ વીચારોને એમણે ટુંકી ફીલ્મો દ્વારા પણ શીબીરાર્થીઓ સમક્ષ મુકયા હતા.

પાંચની બેઠકમાં **‘રમેશ સવાણીએ ‘વૈજ્ઞાનીક અભીગમની જીવનમાં ઉપયોગીતા’** પર વ્યાખ્યાન આપ્યું હતું. ‘વૈજ્ઞાનીક અભીગમ અપનાવતા આપણે માણસ તરીકે અન્ય માણસોને મુલ્યવાન બનાવીએ છીએ.’ આ મત વ્યકત કરી સવાણીએ વધુમાં જણાવ્યું કે, ‘જેવા આપણે માણસ મુલ્યવાન બનાવીશું એટલે આપોઆપ જાનહાની અટકશે. અન્યને ઘાયલ-કાયમના અપંગ બનાવવાના બનાવો પર અંકુશ આવશે. ઈર્રેશનલ વર્તનથી થતાં બધાં નુકસાન અટકશે. આજની પરીસ્થીતી ભલે દારુણ હોય, પરંતુ વૈજ્ઞાનીક અભીગમ અપનાવનાર નીર્દોષોની હેરાનગતી નહીં કરશે. સમાજમાં ન્યાય, સમાનતા અને રેશનાલીઝમની સ્થાપના

માટે ઝઝુમનારાઓનો પરીચય મેળવી એમનાં કાર્યમાં યથાશકતી યોગદાન આપશે. ધર્મના નામે થતા પાખંડ વીરુદ્ધ શકય એટલું આંદોલન ચલાવશે. બેવડી વીચારધારા અને વર્તન કરશે નહી ! પોતાના વીચાર-આચારમાં સ્પષ્ટ રહેશે. વીજ્ઞાન, સંશોધન અને ટેકનોલોજીને સમજવા-સમજાવવાના પ્રયત્નો કરશે એ પોતાના વીચારમાં સ્પષ્ટ બનશે જ કે આપણા પ્રશ્નો આપણે જ ઉકેલવાના છે. પ્રાર્થના કે ધાર્મીક વીધી-વીધાનો કે કહેવાતો ઈશ્વર તે ઉકેલવાના નથી. એની નૈતીકતા માનવકેન્દ્રી રહેશે. એ કોઈક ગ્રંથો, અપાર્થીવ તત્ત્વ કે ભેદભાવના ઝેર પાતી નીતીનો ભોગ બનશે નહીં.' (ક્રમશઃ)

# વીજ્ઞાનમાં અપવાદ

**–સુર્યકાન્ત શાહ**

તા. ૨૮ મીની ચોથી બેઠકમાં **'વીજ્ઞાનમાં અપવાદ'** અંગે સત્યશોધક સભા, સુરતના પ્રમુખ **સુર્યકાન્ત શાહે** પોતાના વીચારો દર્શાવ્યા. શ્રી શાહ પણ 'રમણભ્રમણ' સુવર્ણચંદ્રકથી આભુષીત છે.

વકતવ્યની શરુઆતમાં સુર્યકાન્ત શાહે થોડા સમય પુર્વે જ ગોધરામાં યોજાયેલા 'રમણભ્રમણ' સુવર્ણચંદ્રક અર્પણ કાર્યક્રમને યાદ કર્યો હતો. એ સમારંભમાં ડૉ. સુજાત વલીને આગેવાન રૅશનાલીસ્ટો અને ગોધરાના નાગરીકોની હાજરીમાં એ ચંદ્રક એનાયત કરવામાં આવ્યો હતો. તા. ૨૮-૨૯ જાન્યુ. '૨૩ના યોજાયેલ સંમેલન રૅશનાલીસ્ટોનું મીલન સ્થાન બની ગયું તે પરત્વે શાહે આનંદ વ્યકત કર્યો હતો. રૅશનાલીઝમ માટે તન, મન, ધનનું યોગદાન આપી રહેલા ડૉ. વલીની સંનીષ્ઠા પરત્વે શાહે પોતાનો આદર વ્યકત કર્યો હતો. આવા સંમેલનોના ફાયદાની 'સત્યાન્વેષણ'ના જાન્યુ.'૨૩ના અંકમાં થયેલ મીમાંસા વાંચવાનો એમણે શ્રોતાઓને આગ્રહ કર્યો હતો.

પોતાના વીષયની માંડણી કરતા સુર્યકાન્ત શાહે જણાવ્યું કે વૈજ્ઞાનીક વીચારસરણીમાં રોજેરોજ આવતાં પરીવર્તનો રૅશનાલીસ્ટોને નવી દીશા તરફ લઈ જાય છે. વૈજ્ઞાનીક સંશોધનોની ભરમાર અને વૈજ્ઞાનીક વીચારસરણીમાં થતાં સંશોધનો વચ્ચેના તફાવતને સમજાવતા શાહે કહ્યું કે, 'કૃત્રીમ બુદ્ધી' એક વૈજ્ઞાનીક સંશોધન છે. બીજી બાજુ માત્ર કાર્ય-કારણના સંબંધથી જ ઘટના સમજવાને બદલે કારણ વીના પણ ઘટના બને એવી સંભવીતતાનો સ્વીકાર એ વૈજ્ઞાનીક વીચારસરણીમાં આવતો બદલાવ છે. રૅશનાલીસ્ટોએ આ બદલાવ સમજવા જોઈએ કે જેથી

સમાજ સમક્ષ રેશનાલીઝમને મુકીએ ત્યારે તેઓ પુરાણા અને અપ્રસ્તુત નહીં થાય. આપણે રેશનાલીસ્ટો વારંવાર એક યા બીજા કુદરતના નીયમોની વાતો કરવી જોઈએ. આમ છતાં, એ નીયમો પ્રમાણે જ કુદરત હમેશાં ચાલતી નથી. એમાં જવલ્લે પણ અપવાદ થઈ જાય છે. આથી કુદરતના નીયમોની સમજ અને તેની સાથે કોઈવાર પણ થઈ જતા અપવાદનો ખ્યાલ પણ આપણને હોવો જોઈએ. આ સંદર્ભે સીકકા ઉછાળનો દાખલો સમજવા જેવો છે. સીકકો ઉછાળીએ અને તે જમીન પર પડે તેની પચાસ ટકા સંભવીતતા 'છાપ' દેખાય અને પચાસ ટકા સંભવીતતા 'કાંટો' દેખાય તેની છે. આ બે સીવાય ત્રીજી સંભવીતતા નહીં હોવાનો આપણો દાવો, કુદરતના નીયમાનુસાર થાય એમાં કશું ખોટું નથી, પરંતુ કોઈકવાર તે ઉછળીને જમીન પર આવે અને તેની ધાર પર ઉભો રહે ખરો ? જો આપણું મગજ ખુલ્લું હોય તો આપણે તેવી અપવાદરુપ સંભવીતતાનો ઈનકાર કરીશું નહીં. બીજી બાજુ જો આપણે બંધીયાર મગજના હોઈશું તો તેવું કદી નહીં બનવાનું રટણ કરીશું. કુદરતના નીયમોના આવીષ્કારના અભ્યાસો એવું જણાવે છે કે જડબેસલાક ગણાતા કુદરતના નીયમોના આવીષ્કારમાં પણ અપવાદ થયા છે. આ અપવાદોએ કેટલીકવાર ખુબ મોટા અનઅપેક્ષીત પરીવર્તનો આણ્યા છે. ડાર્વીનના સીદ્ધાંતને જો આપણે બરાબર સમજીએ તો કોઈ એક પ્રજાતીનું વર્તન એના અત્યાર સુધીના કુદરતી નીયમો પ્રમાણે હજારો વર્ષ સુધી ચાલેલું દેખાયું, પરંતુ કોઈ એક અપવાદરુપ જ પ્રજાતીનો કોઈક જીવ અપવાદરુપ વર્તન કરી બેઠો એટલે ઉત્ક્રાંતી આગળ વધી. ચાર પગે ઠેકડા મારતા વાંદરામાંથી કોઈ એક વાંદરો અપવાદરુપ બે પગે ચાલવાનો અપવાદ કરી બેઠો હશે એટલે એમાંથી ગોરીલા અને ચીંપાઝી પેદા થયા. બધા વાંદરા ચીંપાઝી થયા નથી કે બધા ચીંપાઝી માણસ થયા નથી. પેલો અપવાદરુપ જીવ જ ઉત્ક્રાંતીમાં આગળ વધ્યો. અપવાદે કેટલું મોટું પરીવર્તન આણ્યું !

**આપણે રેશનાલીસ્ટો કાર્ય–કારણ સંબંધના ભકતો છીએ.** કોઈ રેશનાલીસ્ટ એવો નહીં હોય કે જેણે હજારવાર નહીં કહયું હોય કે કોઈપણ ઘટનાના મુળમાં કોઈ કારણ હોય જ. રેશનાલીસ્ટોનો આ દાવો અત્યાર સુધી વૈજ્ઞાનીક વીચારસરણીમાંથી પેદા થયો છે. મુશ્કેલી એ છે કે વૈજ્ઞાનીક વીચારસરણી પણ પરીવર્તનશીલ છે. નવી માહીતી અને તેના પર નવેસરથી ચીંતન વૈજ્ઞાનીક વીચારસરણીમાં પણ પરીવર્તન પામે છે. કાર્ય-કારણના સંબંધ સબબે જયારે વધારે ને વધારે ચીંતન થયાં ત્યારે એ વાત સ્પષ્ટ થઈ કે કારણ પહેલા પેદા થાય છે અને પરીણામ ત્યારબાદ આવે છે. આમ કોઈપણ ઘટનાનો સમયાનુક્રમ છે. એનો અર્થ

એ થયો કે જો સમય જ નહીં હોય તો કારણ અને ત્યારબાદ ઘટના પેદા થાય જ નહીં ! વૈજ્ઞાનીકોએ આથી સમય કયારથી પેદા થયો તે શોધવા માંડયું. જાણવા મળ્યું કે બીગ બેન્ગને કારણે અને ત્યારબાદ સમય અને અવકાશ પેદા થયા. બીગ બેન્ગ પેદા થયું ત્યારે અને તે પહેલાં સમય અને અવકાશ જ નહોતા. આથી બીગ બેન્ગનું કોઈ કારણ નથી ! આપણે જીવીએ છીએ ત્યારે સમય અને અવકાશ છે તેથી આપણે રેશનાલીસ્ટો કાર્ય-કારણની દુહાઈ આપીએ તે સાચું છે. **પરંતુ તે સત્ય શાશ્વત નથી.** એ સત્ય ભુતકાળમાં બીગ બેન્ગથી સત્ય રહેતું નથી. આથી કાર્ય-કારણ સંબંધના પણ **ભગત** બનવાનું રેશનાલીસ્ટોને પાલવે નહીં. અહીં વધારે સ્પષ્ટતાની જરુર ઉભી થઈ છે મને ડૉકટર તરફથી કહેવામાં આવે કે મચ્છર કરડયો એટલે મને મેલેરીયા થયો. કાર્ય-કારણના સંબંધના આપણા જેવા ભગતો ડોકટરના આ કથનને સંપુર્ણ વૈજ્ઞાનીક અને રેશનલ જ ગણશે. જરા થોભો ! મચ્છર કરડયો (કે કરડી ?) ત્યારે એની લાળમાંથી મેલેરીયાના વાઈરલ મારા લોહીમાં ભળવા સીવાય વધારે કશું થયું નથી. એ બનાવ બન્યો પછી તરત મને તાવ આવ્યો નથી. વાઈરલ લોહીમાં પ્રવેશ્યા બાદ લોહીના સતત ચાલતા ભ્રમણમાં 'ફરતા ફરતા' (!) એ જઠરમાં પહોંચી ગયા. ત્યાં એમણે પોષણ મળ્યું કે જેણે એમને મોટા પાયા પર પ્રજનન કરવાની શકતી પુરી પાડી. એમણે પ્રજનન કર્યું. આ જથ્થો એટલો વધ્યો કે એના પર મારા શરીરની રોગપ્રતીકારક શકતી વીજય મેળવી શકી નહીં. ઘણા પ્રસંગોએ જથ્થાની તાકાત અગણીત વધી જાય છે. એવું આ પ્રજનન પામેલા વાઈરલનું થયું. મારી રોગપ્રતીકારક શકતી ટુંકી પડી એટલે મને તાવ આવ્યો. આથી મચ્છર કરડયો એટલે તાવ આવ્યો એવા કાર્ય-કારણ સીદ્ધાંતમાં પ્રક્રીયાના ઘણાં ઘટકો અમુક રીતે જ વર્તે છે તેથી તે સીદ્ધાંત સાચો પડે છે. આથી કાર્ય-કારણના ભગતોને જણાવવાનું થાય છે કે 'શા માટે ?' પ્રશ્ન સમજ મેળવવા અને જ્ઞાનવૃદ્ધી માટે ઉપયોગી છે એની ના નહીં, પરંતુ સાથે સાથે 'કેવી રીતે ?' (How) પુછવાનું રાખવું જોઈએ. કારણ ઉપરાંત બનાવોની ચોકકસ પ્રકારે રચાતી શૃંખલા જ ચોકકસ ઘટના લાવશે. આ બાબત એલોપથી બરાબર સમજી છે એટલે એ આ બનાવોની શૃંખલા-માં છીદ્ર (પંચર) પાડે છે. એ ઈન્જેકશનનો ઉપયોગ કરીને પેલા વાઈરલનું પ્રજનન જ થાય નહીં. અથવા એનો જથ્થો ખુબ ઓછો કરી નાંખે છે. એલોપથી આથી જ 'શા માટે ?' ને બદલે 'કેવી રીતે ?' નો વધારે અભ્યાસ કરી રોગ પેદા કરતી પ્રક્રીયાને જ અટકાવી દે છે. આથી આપણે કાર્ય-કારણના ભગત રેશનાલીસ્ટોએ પ્રક્રીયાને વધારે સમજવાનું રાખવું પડશે.

(૧) એક ઘટનાનાં એકથી વધારે કારણો હોય છે. બધાં જ કારણો વૈજ્ઞાનીકો પણ જાણી શકે એવો દાવો કરી શકાતો નથી. (૨) એક કારણે ઘણી ઘટનાઓ પેદા પણ થતી હોય છે. બધી ઘટનાઓ વૈજ્ઞાનીકો પણ જાણી શકે એવો દાવો કરી શકાતો નતી. (૩) કારણ અને ઘટના વચ્ચે સમય હોવાથી એ સમય દરમ્યાન બીજી અણધારેલી કઈ ઘટના બનશે એની કોઈકવાર ચોકકસ આગાહી થઈ શકતી નથી. આ ત્રણ ઉપરાંત અન્ય પરીસ્થીતી પણ હોઈ શકે કે જેમાં અવૈજ્ઞાનીકતાના સમર્થકો અને જુઠાણાં ચલાવતા ધર્મોના ઠેકેદારો ઘુસી શકે છે. ખાસ તો એમના જરીપુરાણા વીચારોનું સમર્થન તેઓ આ પરીસ્થીતીમાં શોધે છે. છેવટે કશું ડીંડવાણુ નહીં ચલાવી શકાય તો તેઓ આ પરીસ્થીતીને ‘ચમત્કાર’ને હવાલે કરી દે છે ! રૅશનાલીસ્ટોએ આ પરીસ્થીતીમાં ખુબ સતર્ક રહેવું પડશે. જે કારણો જાણી શકાય નહીં, જે ઘટનાઓ જાણી શકાય નહીં અને જે કાર્ય-કારણમાં સમય વધારે જાય તેમાં સત્ય મેળવવાના પ્રયત્નોની અને ધીરજની જ જરુર છે. આ પ્રસંગોએ અવૈજ્ઞાનીકતાના પ્રચારકો ગમે તેટલા ‘દાવા’ કરે અને તે માટે ‘ઘોંઘાટ’ કરે તો પણ રૅશનાલીસ્ટોએ ડગવાનું નથી. ઉલટું, આગળ વધીને આ ઠેકેદારોના દુષ્ટ હેતુઓ અને જ્ઞાનવીરોધી અભીગમને ખુબ સ્વસ્થતાથી અને શાંતીથી ખુલ્લા પાડવાનું કાર્ય રૅશનાલીસ્ટોએ કરવાનું રહેશે.

હોકીંગ પોતે એક અપવાદ હતા. એમનું રોગગ્રસ્ત શરીર તેમને હલનચલન કરવા દેતું જ નહોતું, પરંતુ બોલવા પણ દેતું નહોતું ! આમ છતાં, હોકીંગ કેટલું બધું બોલ્યા ! કેટલું બધું લખ્યું ! માનવશરીરમાં અને એની કામગીરીમાં  હોકીંગનું શરીર અને તે મારફતે હોકીંગે લીધેલું કામ એક મોટા અપવાદ તરીકે નોંધાયા છે. એ હોકીંગે શ્યામ ગર્તા (બ્લેક હોલ)ની શોધ કરી. ગુરુત્વાકર્ષણની અતીશયતામાંથી પેદા થતા અપવાદ તરફ માનવજાત અને વૈજ્ઞાનીકોનું ધ્યાન ખેંચ્યું. કેટલીક માહીતી સીવાય આ શ્યામ ગર્તામાંથી પ્રકાશના કીરણ સહીત કશું છટકી શકતું નથી. એટલા પ્રબળ ગુરુત્વાકર્ષણની એમણે શોધ કરી. જેનાં પર કવોન્ટમ થીયરી હવે રચાવા માંડી છે તેમાં નજીક કે દુર દુરના નેગેટીવ-રુણ-પોઝીટીવ-ધન-કણના પરસ્પર આકર્ષણ હોવાની સંભાવના વીચારાઈ છે. અપવાદની વાતને આગળ ચલાવતા હોકીંગ કહે છે કે આ બેમાંથી એક કણ શ્યામગર્તાને કીનાર પર અપવાદરુપ પરીસ્થીતીમાં આવી જાય છે. એ જેવો આવે છે કે તરત શ્યામગર્તા એને પોતાનામાં ખેંચી લે છે. એનો જોડીયો કણ બહાર રહી જાય છે. પેલો અંદર ગયેલો કણ પોતાના જોડીયાની સાથે સંપર્ક રાખવા એટલો તડપે છે કે તે પ્રચંડ ગુરુત્વાકર્ષણને પણ ઓળંગીને બહાર સંદેશો મોકલવામાં સક્ષમ થાય છે ! પ્રકાશના કીરણથી કશું ઝડપી નહીં

હોવાના સીદ્ધાંતનો આ એક અપવાદ બને છે. કારણ કે તે પ્રકાશાના કીરણ કરતાં વધારે ઝડપ રાખે તો જ શ્યામ ગર્તાની બહાર સંદેશો જાય. બોલો કેવા કેવા અપવાદો વીજ્ઞાન શોધી રહયું છે ! આ અપવાદો શોધવામાં એના પ્રસ્થાપીત અનેક સીદ્ધાંત પર પુનર્વીચારણા કરવા અને પછી તેની પુનર્રચના કરવાનો સતત વ્યાયામ ચાલુ જ રહેશે.

ધર્મોવાળા અને અવૈજ્ઞાનીકતાના ઠેકેદારો વીજ્ઞાનના આ સૌંદર્યને સમજવા જ માંગતા નથી. પોતાના અબજો અનુયાયીઓને આ સૌંદર્યને જાણવા દેવા માંગતા નથી. પોતાનાં જુઠાણા ચાલે તે માટે જ પોતાના આર્થીક, રાજકીય, શ્રદ્ધાકીય બળનો ઉપયોગ કરે છે. રેશનાલીસ્ટોએ આ બાબત બરાબર સમજવી જોઈએ. વૈજ્ઞાનીક વીચારસરણીમાં પણ પરીવર્તન આવી શકે છે અને આવે છે તે ધ્યાનમાં રાખીને કોઈક પ્રસ્થાપીત વીચારસરણીની માળા પહેરાઈ નહીં જાય તે સતર્કતા રાખવી જોઈએ. આ બે દીવસના સંમેલનમાં ચાલો આપણે આપણા મગજને વધારે ખુલ્લું રાખવાનું નકકી કરીએ. આભાર....

## ''મને કેદ કરતું વીચારોનું પીંજરુ''

રેશાનલીઝમ અંગે ગુજરાતની અને દેશની અનેક સંસ્થાઓ પ્રયત્નશીલ છે જે સમાજમાં વીવેકબુદ્ધીવાદ અને વૈચારીક સ્વતંત્રતા માટે વર્ષોથી અભીયાનો ચલાવે છે, છતાં આજકાલ વારંવાર બનતી  અંધશ્રદ્ધા કુરીવાજોની ઘટનાઓ જોતા એમ લાગે કે હજુ સારાં પરીણામો દેખાતા નથી. માનસીક ગુલામી એ આપણે સ્વયંસ્વીકૃત આદત બની ગઈ છે. સૌએ ધર્મસંપ્રદાયના માફક આવે તેવાં પીંજરાં જાતે જ બનાવ્યા છે. અને આ પીંજરામાં જ મુકામ કરવાની સૌને ફાવટ આવી ગઈ છે. શાયર ઉમૈર નજમીનો આ  શેર આ માટે ઘણો જ સુચક છે.

નીકાલ લાયા હું પીંજરે સે એક પરીંદા  
અબ ઈસ પરીંદે કે દીલસે પીંજરા નીકાલના હૈ ।

પીંજરામાં કેદ પંખી શરુઆતમાં બહાર નીકળવા પ્રયત્ન કરે છે. પછી નીષ્ફળતા મળે છે, અને પીંજરાને જ કાયમી મુકામ બનાવી લે છે. જો આ પંખીને પીંજરામાંથી બહાર કાઢીએ તો પણ તે ઉડી શકતું જ નથી. તે ઉડવાનું જ ભુલી જાય છે. તેનામાં ઉડવાની ક્ષમતા છે, પણ મનોદશા નથી. તેના દીલમાંથી અને મનમાંથી પીંજરાનો ખ્યાલ નીકળી જાય તો જ તે મુકત સ્વૈર વીહાર કરી શકે.

માણસને પણ વીચારોના મુકત ગગનમાં વીહાર કરવા તેના મગજમાં રહેલ ધાર્મીકતા, કુરીવાજો, વહેમોનાં પીંજરાંને મનમાંથી બહાર કાઢવું પડે.

# કમળપુજાનો આ બનાવ શું છેલ્લો હશે ?

**–અશ્વીનકુમાર ન. કારીઆ**

કમળપુજાના નામે એક દંપતીએ છરાને એવી રીતે ગેઠવ્યો કે તે છુટીને બન્નેની બોચી પર પડે. બન્નેના માથા, કપાય અને નીચેના હવનમાં પડે. એ દંપતી આ કામમાં સફળ થયું !

ના, કારણ કે માનવ જાત તેની સંસ્કૃતીના ઉદ્ભવના સમયથી અંધશ્રદ્ધામાં અટવાયેલ છે. બ્રહ્માંડમાં બનતી અજાયબ ઘટનાઓ વીશે ભુતકાળમાં કોઈ વૈજ્ઞાનીક સમજુતી અપાઈ ન હતી. ગેલેલીયો, બ્રુનો પર ધર્માચાર્યોએ અત્યાચારો કર્યા અને માનવજતને ધર્મશાસ્ત્રો જ સત્ય હોવાનું ઠસાવ્યું. સદીઓથી ચાલતી આ અંધશ્રદ્ધામાં જયારે ગુજરાતના વીંછીયા ગામે પતી-પત્નીએ કરેલ કમળપુજાનો બનાવ બને છે ત્યારે અરેરાટી થઈ જાય છે. નાગરીક સમુહો તેને વખોડી કાઢવા સાથે અફસોસ પ્રગટ કરે છે.

મુશ્કેલી એ છે કે માતાજીના નામે એકના ડબલ કરવાની છેતરપીંડી, વીધીના બહાને સ્ત્રી સાથે દુષ્કર્મ, રોગી બાળકને ડામ, જમીન પડાવવી જેવા છાશવારે પ્રગટ થતા સમાચારોની પ્રજા માનસ પર અસર થતી નથી. ગુજરાતમાં જ આવા બનાવો બને છે તેવું નથી. બે વર્ષ અગાઉ દીલ્હીમાં એક જ કુટુંબના ૧૧ સભ્યોએ સ્વર્ગની લાલચે મોત વહાલું કર્યું હતું. હજી ગયા વર્ષે જ કેરળમાં એક શીક્ષીત દંપતીએ એક સ્ત્રીની બલી ચઢાવી હતી. ગુજરાતમાં ૧૫ વર્ષ અગાઉ ભીમખેડા ગામે એક પીતાએ પોતાના ૯ વર્ષના બાળકની કમળપુજા કરી હતી. તે સમયે અંધશ્રદ્ધા નાબુદી અર્થે મુકુંદભાઈ સીંધવે તેમના સહયોગી અબ્દુલભાઈ વકાણી સાથે એક માસ સુધી દાહોદ જીલ્લામાં વીજ્ઞાન યાત્રા યોજી હતી. વચ્ચેના સમયગાળામાં તેમના માતુશ્રીના અવસાન છતાં, ટુંક વીરામ લઈ, પુનઃ યાત્રામાં જોડાયા હતા. ગુજરાતમાં વીજ્ઞાન જાથા, સુરતની સત્યશોધક સભા, ગોધરાનું હ્યુમન રેશનાલીસ્ટ એસો. તેમ જ બનાસકાંઠાની અંધશ્રદ્ધા નીર્મુલન સમીતીના અંધશ્રદ્ધા નાબુદી માટેના અથાગ પ્રયત્નો છતાં, તે અખંડ રહેતી હોવાના કારણોમાં આપણે ઉંડા ઉતરવું જોઈએ.

માનવ જાતના શરુઆતના તબકકે જીવન નીર્વાહનો મુખ્ય આધાર ખેતી અને પશુ-પાલન હતાં. તે સમયે કયારેક ધરતીકંપ, પુર, આગ, દુષ્કાળ જેવી ઘટનાઓ બનતી ત્યારે કુદરતની અવકૃપા ગણી નસીબને દોષ દઈ માથે હાથ મુકી બેસી રહેવાતું હતું એટલે કે જીવન અચોકકસ, અનીશ્ચીત અને કુદરતી તત્ત્વો પર આધારીત હતું. વર્તમાનમાં પણ માત્ર ૮ ટકા

લોકો સંગઠીત ક્ષેત્રે કામ કરતા હોવાથી તેમનું જીવન આર્થીક રીતે રક્ષીત છે. લાભો પ્રાપ્ત થાય છે. આવા લોકો ઈશ્વરમાં જરૂર માનતા હશે, પરંતુ અંધશ્રદ્ધા પાછળ ખુદ્દાર થતા નથી.

જે વર્ગનું જીવન આર્થીક રીતે ડામાડોળ કે અનીશ્ચીત હોય તે વર્ગ સૌથી વધારે અંધશ્રદ્ધામાં માને છે, જેમ કે પેઢી દર પેઢી ખેતમજુરો મજુરી જ કરે છે. તેમને અહીંથી તહીં રોજી માટે ભટકવું પડે છે. બીજાના માટે ઘર કે રસ્તા બાંધતા આદીવાસી મજુર પોતાના પરીવાર માટે છાપરુ બાંધી શકતા નથી. પોતાનાં જીવનની સુખાકારી માટે ઈશ્વરના ચમત્કાર તરફ નજર નાખે છે. આપણે જોયું છે કે ચૈત્રી કે આસો માસના નોરતાના દીવસોમાં અંબાજી, પાવાગઢ વગેરે મંદીરો પર લાખો શ્રદ્ધાળુઓ ઉમટે છે.

બીજો વર્ગ એવો છે કે જેને કારકીર્દી બનાવવાની ચીંતા છે, પરંતુ તેનો આધાર અનેક પરીબળો પર હોવાથી ઈશ્વરની પુજા, હોમ, હવન, ભકતી કરે છે. આ વર્ગમાં ક્રીકેટરો, વેપારીઓ, તબીબો વ. આવી શકે. ૨૦૦૨માં વર્લ્ડકપ ફાઈનલમાં ભારત, ઓસ્ટ્રેલીયા ટકરાવાના હતા. કેપ્ટન સૌરવ ગાંગુલીએ પહેરેલ માદળીયાઓનું વજન તેના બેટ કરતાં વધારે હતું તેમ કહેવાય છે. કલકત્તામાં તેના ઘેર આખો દીવસ હવન ચાલુ રહયો હતો. અમ છતાં ભારતની હાર થઈ હતી.

મૂળ વાત એ છે કે ભારતમાં દરેક વ્યકતીનું જીવન આર્થીક રીતે સુનીશ્ચીત બને અને તે ગૌરવપુર્વક જીવન જીવી શકે તેવી વ્યવસ્થા ગોઠવવાની રાજયની ફરજ છે. આ ગાણું લગભગ 30 વર્ષથી ગવાયા કરે છે, પરંતુ આ બાબતે રાજય નીષ્ફળ ગયેલ છે, તે તરફ કોઈનું ધ્યાન જતું નથી કે અવાજ ઉઠતો નથી. ગ્રામ વીસ્તારનાં રસ્તાઓ, શીક્ષણ, આરોગ્ય અને પાણી વીતરણ વ્યવસ્થા એટલી ભંગાર હાલતમાં છે કે જાણે આ બાબતે કોઈની જવાબદારી જ ન હોય !

અન્ય એક મુશ્કેલી એ છે કે રાજય પોતે અંધશ્રદ્ધા દુર કરવાના પ્રયત્નને બદલે પોતે જ અંધશ્રદ્ધાયુકત કામો જાહેરમાં કરે તેની પણ પ્રજા માનસ પર અસર થાય છે. ગુજરાતમાં ગત સામાન્ય ચુંટણી વખતે કેટલાક પ્રધાનોની હાજરીમાં 300 ભુવાઓનું જાહેરમાં સન્માન કરવામાં આવ્યું હતું ! રાજનેતાઓની તેમના સમર્થકો સાથે ધર્મસ્થાનોની મુલાકાતોમાં વધારો થતો રહયો છે. બંધારણ મુલ્ય 'ધર્મનીરપેક્ષ' (Secularism) ની ઠેકડી ઉડાડાઈ રહી છે.

દેશમાં ૬ રાજયોએ અંધશ્રદ્ધા નાબુદી માટેના કાયદાઓ ઘડયા છે. ગુજરાત રાજયમાં છેલ્લા ૧૫ વર્ષથી આવા કાનુન ઘડવા રજુઆતો થતી રહી છે. સરકાર કાંઈ દાદ દેતી નથી. સરકારે સત્વરે આ કાયદો ઘડવો જોઈએ, અને અંધશ્રદ્ધા નાબુદીને પ્રોત્સાહન આપવું જોઈએ. સરકાર અને લોકો જયાં સુધી વૈજ્ઞાનીક અભીગમ ન કેળવે, ત્યાં સુધી આવા હીચકારા બનાવો બનવાની શકયતા નકારી શકાય નહીં.

## રત્નકણીકા

–સંપાદન : મોહન પટેલ
મો. : 97278 18391

* આ તે કેવું જ્યાં નેતા ભવીષ્ય જ નહીં...પણ ભુતકાળને પણ કન્ટ્રોલ કરે છે અને કહે કે - આવું કયારેય બન્યું જ નથી. તો આપણે કહીએ કે - હા, આવું કયારેય બન્યું જ નથી. બે ને બે પાંચ થાય તો આપણે કહીએ છીએ કે બે ને બે તો પાંચ જ થાય. આવું કાલ્પનીક ચીત્ર મને બોંબથી પણ વધારે બીહામણું લાગે છે.

  **-જયોર્જ ઓર્વેલ (૧૯૦૩-૧૯૫૦)**

* The Strongest Man in the World, Is who stands most Alone. **-Henrik Ibsen**

* દુનીયામાં સૌથી સુંદર અહેસાસ એ છે કે, તમે ચુપચાપ સારું કામ કરો અને અંતમાં છુપાયેલું ના રહી શકે. **-ઓસ્કાર વાઈલ્ડ**

* Peace cannot be kept by force , It can only be achieved by understanding.=Albert Einstein -.

* ખરેખર તો સત્તા રાજકારણીઓ અથવા ધાર્મીક નેતાઓ કરતાં વૈજ્ઞાનીકોના હાથમાં હોય તો સારું. **-આચાર્ય રજનીશ**

* એક જ્ઞાનીની મીત્રતા દુનીયાના તમામ બેવકુફોની દોસ્તીથી સવીશેષ છે.

  **-ડેમોક્રેટ્સ**

* સ્ટીફન હોકીંગ્સ કહે છે...મૃત્યુ પછી સ્વર્ગ કે નર્ક જેવું કશું નથી.

  એલેકઝાન્ડર ગ્રેટ કહે છે કે, ‘મારું મૃત્યુ થવામાં ઘણા બધા ડોકટરોની પણ મદદ મળી છે.’

* રેશનાલીસ્ટ અને શીક્ષણશાસ્ત્રી-વીચારક-રમણભાઈ પાઠકે પોતાનો મૃત દેહ ગવર્નમેન્ટ કોલેજ, વલસાડને આપવા પોતાના વસીયતનામામાં લખ્યું હતું અને તે પ્રમાણે તેના વારસદારોએ - દીકરી શર્વરી અને કુટુંબજનોએ અમલ કર્યો હતો. **-મોહન પટેલ**

* ભુતકાળને કારણે મુંઝાવું નહીં, ભવીષ્યના દીવા-સ્વપ્નોમાં રાચવું નહી. માત્ર વર્તમાન પર ધ્યાન આપવું. તે ખુશી મેળવવાનો શ્રેષ્ઠ ઉપાય છે. **-ગૌતમ બુદ્ધ**

# રે.........અંધશ્રદ્ધા !

આપણા એક શુભેચ્છક સુરેન્દ્રભાઈ પટેલે ચીત્રલેખાના ૮-૫-૨૩ ના અંકમાં પ્રસીદ્ધ થયેલ અંધશ્રદ્ધાના ખપ્પરમાં હોમાયેલ એક ઘટના અંગે વીવરણ કરતા લેખને મોકલ્યો છે. આ લેખ પોરબંદર પંથકના એક ગામમાં બે મહીનાની બાળકીને શ્વાસની બીમારીને દુર કરવા માટે ભુવાએ આપેલા ડામની ઘટના અંગેનો છે. આવી જ અન્ય બે ઘટનાઓનો ઉલ્લેખ થયો છે. આ બધી ઘટના સૌરાષ્ટ્રમાં બની છે. પરંતુ સત્યશોધક સભાનું અવલોકન એ છે કે આવી ઘટનાઓ સમગ્ર દેશમાં બનતી જ રહે છે. એમાં શહેર કે ગામડાંને અલગ કરવાની જરુર નથી. બધે જ આવી ઘટનાઓ બને છે. આ જ સંદર્ભે ડાકણ પ્રથા વીરુદ્ધ ડો. મધુભાઈ ગાયકવાડની લડતનો ઉલ્લેખ કરીને દર્શાવવામાં આવ્યું છે કે દેશનાં ઘણા રાજયોમાં નીર્દોષ સ્ત્રીઓને ડાકણ ગણાવી અને મારી નાંખવા સુધીના અપરાધો ખુલ્લંખુલ્લા બને છે. આ સંદર્ભે વીજ્ઞાન જાથાના ઉપક્રમે રાત-દીવસ જહેમત ઉઠાવીને અંધશ્રદ્ધાને નાબુદી માટે પ્રયત્નો કરનાર જયંત પંડયા એક વધારાનો રહસ્યોદ્‌ઘાત કરે છે કે વીધીના નામે સ્ત્રીઓને એકાંતમાં બોલાવીને એમનું વીવીધ પ્રકારે ભુવાઓ શોષણ પણ કરે છે. પરીસ્થીતીની કરુણતા એ છે કે તન, મન, ધનથી ખુવાર થનારાઓ પોલીસ ફરીયાદ કરતા નથી. આથી ભુવાઓને ખુલ્લુ મેદાન મળી જાય છે. આવા જ અન્ય કીસ્સાઓની માહીતી આપવામાં બંછીયામાં કમળ પુજાના નામે દંપતીએ પોતાનું જ ગળુ કાપી નાખીને હવનમાં બલી આપી તેની પણ દીલ કંપાવનારી માહીતી જયંત પંડયાએ આપી. એલોપથીક ડોકટરો પાસે જવાને બદલે ભુવાઓ પાસે લોકો જાય છે તે પરત્વે ચીંતા અને દુઃખ વ્યકત કર્યા હતા. જીવનભાઈ મયાત્રાએ ચીત્રમેળાને મુલાકાત આપી તેમાં જણાવ્યું કે લોકો એટલા બધા અંધશ્રદ્ધાળુ છે કે ભુવાઓ અને ભગતડાઓ કલાક-બે કલાકમાં તો એમની પાસે લાખો રુપીયા પડાવી લે છે. એમણે માંગણી કરી કે અંધશ્રદ્ધા-વહેમ વીરોધી કડક કાયદો થવો જોઈએ. જનમાધ્યમોએ આવા બાબાઓને જરા પણ પ્લેટફોર્મ પુરુ પાડવું જોઈએ નહીં ! વૈજ્ઞાનીક અભીગમનો શકય તેટલો વધારે પ્રચાર-પસાર કરવા જોઈએ. સુરેન્દ્રભાઈએ ચીત્રલેખામાં આવેલા આ લેખને ‘સત્યાન્વેષણ’માં ટુંકાવીને પ્રસીદ્ધ કરવા માટે મોકલ્યો તે એમની પણ રેશનાલઈઝમ માટેની ઉત્કંઠા દર્શાવે છે.

### સત્યશોધક સભાને દાન

ગાંધીનગરના શ્રી પ્રવીણ ગઢવી તરફથી સત્યશોધક સભાને રૂા. ૧૦૦૦/- નું દાન મળ્યું છે. જેનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે.

**૨૯-૪-૨૩** **સુર્યકાન્ત શાહ**

પ્રમુખ

# બાળકોને કદી ન મારીએ...

**–ગીજુભાઈ બધેકા**

બાળકો તો નાનાં છે. આપણાથી બળવાન નથી. આપણી સામે થઈ શકે તેમ નથી. મારીએ તો રડીને બેસી રહેશે. ભુખ્યા-તરસ્યાં ઉંઘી જશે.મારવાથી કશું નહી વળે, મારવાથી અક્કલ નથી આવતી. મારવાથી યાદ નથી રહેતું, મારવાથી કુટેવ નથી ભુલાતી, મારવાથી ડહાપણ નથી આવતું...

પણ

મારવાથી બાળકનું શરીર ખવાય' મારવાથી બાળક મારખાઉ થાય, મારવાથી બાળક મારકણું થાય, મારવાથી બાળક બુધ્ધુ થાય, મારવાથી બાળક જુઠું થાય, બાળકોને કદી ન મારીએ....

# * મેં મારી જાતને સાત વાર ધીક્કાર્યો *

**–ખલીલ જીબ્રાન**

(૧) એક તો મોટાઈ મેળવવા એને ઝુકી પડતો જોયો ત્યારે...

(૨) બીજીવાર પાંગળાઓ આગળ લંગડાતો જોયો ત્યારે...

(૩) જ્યારે કઠીન અને સરળ વચ્ચે તેને પસંદગી કરવા કહયું તો તેણે સરળ જ પસંદ કર્યું ત્યારે...

(૪) ચોથીવાર જયારે દોષ પોતે કરીને બીજા પણ એમ કરે છે, એમ કહીને પંડને પટાવ્યો ત્યારે...

(૫) પાંચમીવાર જયારે નીજ નીર્બળતાને કારણે ને નમતું જોખીને એણે વીરની કક્ષામાં ખપાવ્યું ત્યારે...

(૬) છઠ્ઠીવાર એણે કોઈના ચહેરાની કદરૂપતાને ધુત્કારી કાઢી પણ એ તો પોતાનો જ મુખવટો છે એમ સમજ્યો નહીં ત્યારે...

(૭) અને સાતમી વાર આત્મશ્રધ્ધાના ગીત ગાઈને એને સદ્ગુણ ગણ્યા ત્યારે...

---

દક્ષીણ અમેરીકાના દેશો સ્પેનના સકંજામાંથી છુટવા માંડયા ત્યારે બ્રીટને ત્યાં પગદંડો જમાવવા માટે સર્વેક્ષણ કરવા એક વહાણ મોકલું. ડાર્વીન તેમાં ગયા...અને લો ! ઉત્ક્રાંતીનો સીદ્ધાંત મળ્યો ! કેવો કલ્યાણકારી અકસ્માત !

## તમે નકકી કરો : સાચું શું – ખોટું શું ?

કયાંક કયાંક કેટલાક બાળકો વીશે એવી વાતો ફેલાઈ જાય છે કે તે એ સ્થગ્ને ઓળખી રહ્યાો છે જ્યાં એ રહેતો હતો. પોતાનું જુનું નામ જણાવી દે છે અને એ પણ કે તે પરીવાર જન્મ લઈ રહ્યો છે એ બધા શૈતાનો અને ભુત-પીશાચો હોય છે. જે ખાલી માથે ચઢીને બોલે છે, અને માણસોનાં દીન અને ઈમાનને (શ્રદ્ધાને) ખરાબ કરે છે.

સાચી વાત તો એ છે કે આ સત્ય મૃત્યુ પછી દરેક માણસની સામે આવી જશે કે માણસ મર્યા પછી પોતાના માલીક પાસે જાય છે, અને આ લોકમાં એણે જેવાં કર્મ કર્યા છે તેમના હીસાબે સજા અથવા વળતર પામશે. બનાવવાવાળા તો ખુદ પોતે ઈશ્વર હોય છે પોતાના હાથોથી બનાવેલી મુર્તીઓને આપણે બનાવવાવાળા છીએ. જો મુર્તીઓમાં થોડીક સમજણ-બુદ્ધી હોય તો તે આપણી પુજા કરતી.

- શૈતાન લોકોની પાસે આવ્યો અને કહ્યું કે તમને પોતાના મહાગુરુ (નબી) થી બહુ પ્રેમ છે. મૃત્યુ પછી તેઓ તમારી દષ્ટીથી અગોચર થઈ ગયા છે. આથી હું તેમની એક મુર્તી બનાવી આપું છું તેને જોઈને તમે સંતોષ પામી શકો છો. શૈતાને મુર્તી બનાવી, જયારે મન થતું ત્યારે તેઓ તેને જોયા કરતા હતા. ધીમે ધીમે એ મુર્તીનો પ્રેમ તેમના હૃદયમાં ઉતરી ગયો, ત્યારે શૈતાને કહ્યું જો તમે આ મુર્તી આગળ માથું નમાવશો તો આ મુર્તીમાં ભગવાનને પામશો. મનુષ્યમાં હૃદયમાં મુર્તીનું રુપ પહેલાંથી ઘર કરી ચુકયું હતું. એટલા માટે તેઓ મુર્તીની આગળ માથું નમાવવાની અને પૂજ કરવાની શરુઆત કરી દીધી. અને આ મનુષ્ય જેના પુજવા યોગ્ય માત્ર એક ઈશ્વર હતો તે મુર્તીઓને પુજવા લાગ્યો. એ શીર્કમાં સપડાઈ ગયો. (શીર્ક એટલે અલ્લાહના અસ્તીત્વ કે તેની વીશેષતાઓમાં અન્ય કોઈને તેનો સહભાગી બનાવવા તે.)

- આ એક મોંઘેરું સત્ય છે કે દરેક આવવાવાળા રસુલ અને નબી દ્વારા અને તેના ગ્રંથો દ્વારા એક છેલ્લા નબીની ભવીષ્યવાણી અપાઈ છે, અને એમ કહેવામાં આવ્યું છે કે તેમના આવ્યા પછી અને તેમને જાણી લીધા પછી સઘળી પ્રાચીન શરીઅતો અત્ને ધાર્મીક કાયદાઓ છોડીને તેમની વાત માનવી જોઈએ, અને તેમના દ્વારા લાવવામાં આવેલા ગ્રંથ અને ધર્મ પર ચાલવું જોઈએ. આ પણ ઈસ્લામની સત્યતાનું પ્રમાણ એ છે કે ગ્રંથોમાં અત્યંત ફેરફારો થયા છતાં પણ તે માલીકે છેલ્લા રસુલના આવવાની ખબરને દીલવા ન દીધી. જેથી કોઈ એમ ન કહી શકે કે અમને ખબર ન હતી. વેદોમાં તેમનું નામ નરાશંસ, પ્રાચીન ગ્રંથોમાં કલ્કી અવતાર, બાઈબલમાં ફારકલીટ અને બૌદ્ધ ગ્રંથોમાં છેલ્લો બુદ્ધ વગેરે લખવામાં આવ્યું છે. આ ધાર્મીક ગ્રંથોમાં મુહમ્મદ સાહેબનું જન્મસ્થાન, જન્મતીથી, સમય અને ઘણા વાસ્તવીક લક્ષણ પહેલાથી જણાવવામાં આવ્યા હતા.

- મનુષ્યની આ એક કમજોરી છે કે તે પોતાના પુર્વજોની ખોટી વાતોને પણ અંધ-શ્રદ્ધામાં સ્વીકારતો ચાલ્યો જાય છે. મનુષ્યની બુદ્ધી અને તર્કના ઈન્કાર છતાં પણ મનુષ્ય પુર્વજોની વાતો પર દ્રઢ રહે છે. અને તેની વીરુદ્ધ કરવું તો શું સાંભળવા પણ ઈચ્છતો નથી.

- તમે સાક્ષી રહેજો, હે અલ્લાહ ! તમે સાક્ષી રહેજો, હે અલ્લાહ ! તમે સાક્ષી રહેજો,' એ પછી આપે લોકોનું કહ્યું : 'આ સાચો ધર્મ જેમના સુધી પહોંચી ચુકયો છે તેઓ એમની પાસે પહોંચાડે જેમની પાસે નથી પહોંચ્યું.'

- આપે એવી પણ જાણ કરી કે હું છેલ્લો રસુલ છું. હવે મારા પછી કોઈ રસુલ નહીં આવે. હું જ એ અંતીમ (આખરી) રુષી, નરાશંસ અને કલ્કી અવતાર છું જેની તમે પ્રતીક્ષા કરતા હતા અને જેના વીશે તમે બધું જાણો છો.દરેક પ્રાચીન ગ્રંથમાં સ્વર્ગ-નરકનું વર્ણન કરવામાં આવ્યું છે. જેથી એમ જણાય છે કે સ્વર્ગ-નરકનો વીચાર બધા જ ધર્મો દ્વારા પ્રમાણીત છે.

- ધર્મ કયારેય નથી બદલાતો. માત્ર કાયદા સમય અનુસાર બદલાતા રહે છે. સૌ પ્રથમ આ કુર્આન ઈશ્વરનું પુસ્તક છે. તેણે સંસારને પોતાના સાચા હોવા માટે જે દલીલો આપી છે તે બધાને સ્વીકારવું પડયું છે, અને આજ સુધી એનો વીરોધ નથી થઈ શકયો.

**મુહમ્મદ કલમ સીદ્દીક રચીત પુસ્તીકા 'આપની અનામત (આપની સેવામાં) માંથી)**

**'રમણભ્રમણ સુવર્ણચંદ્રક'થી વીભુષીત થયેલ પ્રખર રેશનાલીસ્ટો**

| **વર્ષ** | **નામ** | **વર્ષ** | **નામ** |
|---|---|---|---|
| ૧૯૯૭ | બાબુભાઈ દેસાઈ | ૨૦૧૨ | ગુણવંત ચૌધરી |
| ૧૯૯૯ | અબ્દુલ વકાની | ૨૦૧૩ | જે. પી. મહેતા |
| ૨૦૦૦ | સીદ્ધાર્થ દેગામી | ૨૦૧૪ | ઉત્તમ પરમાર |
| ૨૦૦૧ | ચતુરભાઈ ચૌહાણ | ૨૦૧૫ | જેરામ દેસાઈ |
| ૨૦૦૨ | સુર્યકાન્ત શાહ | ૨૦૧૬ | પ્રેમજી સુમેસરા |
| ૨૦૦૪ | અશ્વીન કારીઆ | ૨૦૧૭ | જયંત પંડયા |
| ૨૦૦૫ | એન. વી. ચાવડા | ૨૦૧૮ | વીજય ભગત |
| ૨૦૦૭ | ગુલાબદાસ ભેંડા | ૨૦૧૯ | ગોવીંદ મારુ |
| ૨૦૦૮ | વલ્લભભાઈ ઈટાલીયા | ૨૦૨૦ | કોરોના વર્ષ |
| ૨૦૦૯ | ઈન્દુકુમાર જાની | ૨૦૨૧ | મનસુખ નારીયા |
| ૨૦૧૦ | માધુભાઈ કાકડીયા | ૨૦૨૨ | ડો. સુજાત વલી |
| ૨૦૧૧ | મુકુંદ સીંધવ | ૨૦૨૩ | ડો. સુષ્મા ઐય્યર |

## ચીંતનકણીકા

**બાબા સાહેબ આંબેડકરનું કથન છે :**

* વીશ્વમાં આજે મહદ્અંશે ભારતમાં આત્મહત્યાના કેસો પણ વધી રહ્યા છે. આ માટે -સુરત ખાતેના એક શૈક્ષણીક સેમીનારમાં દીવ્યભાસ્કર, તા. ૪ થી માર્ચ ૨૦૨૧ ના ન્યુઝના અહેવાલમાં જાણીતા ડોક્ટર્સના ટુંકમાં જે તે અભ્યાસના મુદ્દાઓ સમજીએ. આત્મહત્યા કરવાના સતત વીચાર કરનારી વ્યકતી માનસીક રોગના દર્દી પણ છે. તેવી વ્યકતીના લક્ષણો નીચે મુજબ સમજીએ તે જરુરી છે :
* આત્મહત્યા એ મલ્ટીફેક્ટોરીયલ હોય છે. જેમાં માનસીક અસ્થીરતા જેવી કે હતાશા, બાયપોલર ડીસ ઓર્ડર, વ્યસન, ન્યુરો ટ્રાન્સમીટરનું અસંતુલન એ સીવાય અનુવાંશીક પરીબળો આત્મહત્યા માટે જવાબદાર હોઈ શકે છે. જેમાં ખાસ કરીને બાહ્ય આઘાતજનક બનાવો, શારીરીક બીમારી, બળાત્કાર હેરાનગતી, નાણાકીય મુશ્કેલી, ઘરેલુ હીંસા, ઝઘડા વગેરે કારણો પણ હોઈ શકે.
* જે વ્યકતી ઘરમાં શાંતી લાવે તે સફળ ગણાય.
* હું જેટલો બીકણ લોકોથી ડરુ છું. તેનાથી વધુ બીજા કોઈથી ડરતો નથી.

  -રોબર્ટ ફ્રોસ્ટ (કવી)
* શૈક્ષણીક પાઠ્યપુસ્તકમાં વીવેકબુદ્ધીવાદના વીષયની સામેલગીરી કરવાનું સુરત ખાતે વીર નર્મદ સાઉથ ગુજરાત યુનીવર્સીટીના ચીંતન શીબીરમાં, IGNOU દીલ્હીના સલાહકાર ડો. અમીત દશોરાનું સુચન મહત્વનું છે. જેનો જે તે અમલ પણ જરુરી છે.

---

કુદરતનું વૈશ્વીકીકરણ ગજબનું છે. કુદરતી પરીબળોને કારણે હજારો કીલોમીટર દુરના પેરુના માછીમારોને જો ઓછી માછલી મળે તો સમજવું કે ત્યારપછીનું ભારતનું ચોમાસુ ધારેલો વરસાદ આપશે નહીં.

### ચર્ચા–ઉત્તમ વીચારો માટેની ભુમી

ગીલાપોગલ્સ ટાપુ પર ડાર્વીનને ઉત્ક્રાંતીનો વીચાર અચાનક આવેલાની જે પ્રચલીત માન્યતા છે, તે ખોટી છે. આ અને બીજા ટાપુઓ પરથી એ જે નમુના લાવેલા તેના પર પ્રવાસેથી આવ્યા પછી મીત્રો સાથેની ચર્ચામાંથી ધીમે ધીમે ડાર્વીનને ઉત્ક્રાંતીનો ખ્યાલ આવેલો.

### સત્યશોધક સભાને દાન

સુરતના શ્રી આર. કે. દેસાઈ તરફથી સત્યશોધક સભાને રૂા. ૫૦૦/-નું દાન મળ્યું છે. જેનો સાભાર સ્વીકાર કરવામાં આવે છે.

**૨૯–૪–૨૩** **સુર્યકાન્ત શાહ**

પ્રમુખ

RNI, Delhi, Regd. No. GUJ GUJ/2009/30348 Posted under Registration
License No. SRT-716/2022-2024 (with prepayment of posta

# સત્યશોધક સભા, સુરત

SATYASHODHAK SABHA, SURAT

## રમણભ્રમણ સુવર્ણચંદ્રક અર્પણ સમારંભ

## આમંત્રણ

સત્યશોધક સભા તરફથી જણાવતા આનંદ થાય છે કે અમારા કસાયેલ કાર્યકર

**ડૉ. સુષ્મા સીતારામ ઐય્યર** (એમ.ડી., ગાયનેક)

ઈ.સ. ૨૦૨૩ના રમણભ્રમણ સુવર્ણચંદ્રકથી આભૂષિત કરવાના સમારંભમાં આપને પધારવા હાર્દિક આમંત્રણ છે.

**:: સમય ::**

તા. ૧૧–૬–૨૦૨૩ને રવિવાર
સવારે ૧૦.૦૦ કલાકથી
આ સમારંભ શરૂ થશે.

**:: સ્થળ ::**

દીલીપ – પરેશ રોટરી હોલ,
નાનપુરા, સુરત

**:: અતિથિવિશેષ ::**

ખારેલના ગ્રામ સેવા ટ્રસ્ટના
મેનેજીંગ ટ્રસ્ટી, ડૉ. અશ્વિન એ. શાહ (એમ.ડી., પી.એસ.એમ.)

**:: મુખ્ય વકતા ::**

આ પ્રસંગે ડૉ. પ્રકાશ ભટ્ટ (એમ.ડી., ગાયનેક)
'પ્રતીતીકારક પુરાવાઓનું તબીબી વિજ્ઞાન એટલે એલોપથી'
પર પોતાના વિચારો રજૂ કરશે.

**સમારંભના અંતે આપણે સૌ સાથે ભોજન લઈશું.**

**:: તમારી રાહ જોતા ::**

| | | | | |
|---|---|---|---|---|
| હસમુખ પટેલ<br>સુગીત પાઠકજી<br>સહમંત્રી | જાદવ વેકરીયા<br>મંત્રી | મોહન પટેલ<br>કોષાધ્યક્ષ | મનસુખ નારીયા<br>અતુલ પાઠકજી<br>ઉપપ્રમુખ | સુર્યકાન્ત શાહ<br>પ્રમુખ |

ભારતીય બંધારણાનુસાર વૈજ્ઞાનીક મીજાજને ઉત્તેજન આપવા માટે
જે સૂચન કરવામાં આવ્યું છે તેના ભાગ સ્વરૂપ પણ
આ સમારંભમાં પધારશોજી.

**માલીક સત્યશોધક સભા વતી મુદ્રક અને પ્રકાશક સુર્યકાન્ત શોભાગચંદ શાહે અગ્રવાલ ટ્રસ્ટ, રંગીલદાસ મહેતાની શેરી, ગોપીપુરા, સુરત–(ગુજરાત), ખાતે 'સત્યાન્વેષણ' છાપ્યું અને પ્રસીદ્ધ કર્યું. મુખ્ય સંપાદક : સુર્યકાન્ત શાહ**